આમંત્રણનો સ્વીકાર.

મી૦ એદલજી ધનજી કાબાએ "ઇસમાઇલીમાંથી બાબી" એ નામનાં પોતાનાં પુસ્તકને પા૦ ૨૭ "મી૦ કાસમઅલીને ચેલેંજ" નાં મથાળાં હેઠળ લખાણુ કીધું છે. એ આમંત્રણનો સ્વીકાર કરતાં મારે જણાવવું જોઈએ કે ખોજા પંથ દર્પણના ૭ ભાગનો રદીઓ તમો માંગો છો, તે મારા હમ શરીક લેખકો તરફથી આપવામાં આવશે. તમારી મારી વચ્ચે જે બાબતોનો સવાલચાલતો હોય, તેનો-જ માત્ર રદીઓ આપવાની મારી ફરજ છે અને તે હું આ પુસ્તક દ્વારા બજાવી ચુક્યો છું. હજુ પણ તમો જવાબ આપવાની હિંમત કરશો, તો હું તેનો રદીઓ આપવા તઈયાર રહીશ. ખોજા પંથ દર્પણના પહેલા ભાગમાં જે જવાબ તમોએ આપ્યો છે, તેનો રદીઓ "શું ખોજાઓ ઇસમાઇલી ન હતા?" એ પુસ્તક

આમંત્રણનો સ્વીકાર.

મી૦ એદલજી ધનજી કાબાએ "ઇસમાઇલીમાં-થી બાબી" એ નામનાં પોતાનાં પુસ્તકને પા૦ ૨૭ "મી૦ કાસમઅલીને ચેલેંજ" નાં મથાળાં હેઠળ લખાણ કીધું છે. એ આમંત્રણનો સ્વીકાર કરતાં મારે જણાવવું જોઇએ કે ખોજા પંથ દર્પણના ૭ ભાગનો રદીયો તમો માંગો છો, તે મારા હમ શરીક લેખકો તરફથી આપવામાં આવશે. તમારી મારી વચ્ચે જે બાબદોનો સવાલજવાબનો હોય, તેનો-જ માત્ર રદીઓ આપવાની મારી ફરજ છે અને તે હું આ પુસ્તક દ્વારા બજાવી ચુકોછું. હજુ પણ તમો જવાબ આપવાની હિંમત કરશો, તો હું તેનો રદીયો આપવા તઇયાર રહીશ. ખોજા પંથ દર્પણના પહેલા ભાગમાં જે જવાબ તમોએ આપ્યો છે, તેનો રદીયો "શું ખોજાઓ ઇસમાઇલી ન હતા?" એ પુસ્તક

દ્વારા અપાઈ ચૂકો છે અને ખોજા પંથ દર્પણના ત્રીજા ભાગમાં જે ૮ જ્ઞાનના પાઠોની દલીલોને તમો નાપાયદાર ઠેરવવા માંગો છો તેનો રદીયો આ પુસ્તક મોજૂદ છે. હવે મુખ્ય મુદ્દાઓ તમારે એજ ધ્યાનમાં રાખવાના છે કે અમોએ ૮ જ્ઞાનના પાઠો વડે ખોજાઓ ઇસમાઇલી ધર્મમાં વટલ્યા હતા એ દેખાડી આપ્યું છે. હવે તમારે તેજ પાઠો વડે સાબીત કરી આપવું જોઇએ કે ખોજાઓ ઇશ્નાશરી ધર્મમાં વટલ્યા હતા. બીજી ભલતી બાબદોને છેડશો તો તમે તમારો નકામો વખત ગુમાવશો. હું કાંઇ તમારી માફક પુસ્તક બનાવવાનો ધંધો લઈ બેઠો નથી કે તમારી માફક પાહળ ફોકટની ભાંજગડ કર્યા કરૂં.

લી૦

કાસમઅલી લવાભાઈ મુંબઈ.

પ્રસ્તાવના.

અમરેલીવાળા મી૦ એદલજી ધનજી કાબા નામના ઇસ્નાશરી લેખક ખોજા પંથ દર્પણ ગ્રંથના અનેક ભાગો પ્રગટ કરી "ખોજાઓ કયા ધર્મમાં વટલ્યા હતા ?" એ બાબદ ઉપરે કાલી બાજુ પકડી લોકોને શંકામાં નાંખવાની તજવીજ કરી રહ્યા છે, પણ તેથી સફેદ બાજુ ઢંકાઇ જવાની નથી. જામનગર ખાતે જાફરીયા હોલ ખુલ્લું મુકવાની થએલી ક્રિયા વેળાએ ઉપલા લેખકે ખોજાઓ ઇસ્નાશરી ધર્મમાં વટલ્યા હતા, એવું ડોળ ઘાલુ ભાષણ કરી ખોજા કોમમાં ખળભળાટ મચાવી દીધો હતો. તે વખતે "ઇસ્માઇલી સિતારો" માસિકના અધિપતી સેવક હોવાથી મારી ઉપરે તેનો બચાવ કરવાની ગંભીર ફરજ આવી પડી હતી. પણ મારી ઉપરે સખત દબાણ થવાથી તે બાબદ તાકીદે હાથ ધરી પુસ્તક પ્રગટ કરવાને બદલે માસિકમાં "ખોજાઓ

કોણ છે ? " એ વિષય પ્રગટ કરવાનું દુરસ્ત ધાર્યુ હતું. તે લેખો ઇ૦ સ૦ ૧૯૦૯ના માસ જુનના અંક થી શરૂ થએલ છે, તે ઇ૦ સ૦ ૧૯૧૦ના માર્ચ માસના અંકમાં તેનું છેવટ આવેલ છે. તેમાં કચ્છ અંજારના રેસીડેન્ટ કપટાન જેમ્સ મેકમરડોએ " બોમ્બે લીટરરી ટરાન ઝેકશન " માં મુંબઇના માજી ગવર્નર સાહેબ ધિ રાઇટ ઓનરેબલ સર એચ. બારટલી ફ્રીયરે " મેકમીલન મેગેઝીન " માં લખેલ લેખો, નામદાર જડજો સર જોસફ આર્નોલ્ડ તથા રસલના ચુકાદાઓ, ખોજા વૃત્તાંત, ખોજા કોમનો ઇતિહાસ, મેકડોનલ કીર્નરે ટોપોગ્રાફીકલ હીસ્ટ્રી ઓફ પર્શીયામાં લખેલ ઇસ્માઇલીયોની હકિકત, ધિ પ્રીચીંગ ઓફ ઇસ્લામ, જ્ઞાન ચક્ર વિગેરે પુસ્તકો તથા જ્ઞાનના ૮ પાઠોની દલીલો વડે સાબીત કરી દેખાડયું હતું કે ખોજાઓ ઇસમાઇલી ધર્મમાં વટલ્યા હતા. મી૦ કાબા તરફથી રચવામાં આવેલ પુસ્તક હસન બિન સબ્બાહમાં નીચલો ફકરો પા. ૧૫૭ નજરે પડેછે.

"ખોજા લોકોની અસલ ઉત્પતી સુન્નીમાંથી થઈ હતી, એમ જે માનવામાં આવ્યું હતું, તે ખરૂં ન હતું, તેમજ મુંબઈમાં પ્રસિદ્ધ થએલી રાજરાની ચોપડીમાં ખોજા ધર્મની નિંદા કરી છે, તે પણ ખરા નથી. વળી હિંદુ, મુસલમાનના શીયાહ મત છે એમ માનવામાં આવ્યું છે, તે ખરૂં નથી અથવા મિશ્ર મતનાં જ્ઞાનો એજ ખોજાને માટે સતપંથ એ નીરાળો જ પંથ છે, એવી કેટલાકની સમજણ છે, તે પણ ખરી નથી. પણ મુંબઈની હાઈ-કોર્ટમાં તપાસ ચાલી ખોજાઓનો અસલ ધર્મ શીયા ઇમામી ઇસ્માઇલી ઠરેલ છે, એજ ખરી વાત છે અને શીયાહ ઇમામી ઇસ્માઇલી ધર્મમાં હિંદુ મતની વાતો નથી એ પણ આપણે ઉપર જોઈ આવ્યા છીએ. માત્ર હિંદના ઇસ્માઇલીયોમાં તે વાતો દાઇયોનાં કારણે દાખલ થઈ ગઇ હતી. હિંદુ ધર્મ મતની વાતો શીયાહ ઇમામી ઇસમાઇલી ધર્મની નથી પણ હિંદુ માર્ગી ધર્મનીજ છે. તે વાતોને ઇસમાઇલી ધર્મ સાથે ભેળવી આપવી એ

દાઇયોની નેમને નહિ સમજવા જેવું છે."

ઉપલી બાબદનો સ્વીકાર ખોજા વ્રતાંતના કર્તા મી૦ સચેદીના નાનજીયાણી તેમ મી૦ કાબા ખોજા કોમની ત્વારીખ નામનાં પુસ્તકમાં પણ કરે છે. જેમ-નો લુલો બચાવ તેઓ એમ કરવા નિકળ્યા છે કે તે કાંઇ તેમના વિચારો ન હતા. પણ તે બચાવ બીલકુલ ટકી શકે તેવો નથી. ગ્રંથ કર્તા પોતે જે વિચારો સાથે મળતો નુ થઇ શકતો હોય, તે પોતાનાં પુસ્તક-માં લખે નહિ અને અગર લખે તો પુસ્તકનું નામ, કર્તાનું નામ અને તેના અસલી શબ્દોમાં દર્શાવે. અગર મી. કાબાએ પોતાના વિચારો ખોજા પંથ દર્પણ લખતી વેળાએ ફેરવ્યા હોય તો તે જુદો સ્વાલ છે પણ ખોજા પંથ દર્પણના પહેલા ભાગ ઉપરથી તેમ-ની નેમ સમજાઇ ગઇ હતી કે સચ્ચાઇ તરફ આંખ-મીચામણી કરવા સિવાય તેમની ઇમારત ટકવાની નથી. પણ જે ઇમારતનો પાયો જુઠાપણાં ઉપરે રચા-એલો હોય તે ઇમારત ઝાઝો વખત સુધી ટકી શકતી

નથી અને તેને સચ્ચાઈનો પવન અગર જોરથી આવે છે તો તોડી પાડી શકે છે.

ખોજાઓ કેમ કહેવાયા? શા ઉપરથી કહેવાયા? શા માટે કહેવાયા? એ બાબદોનો ખુલાસો કરવા ખોજા શબ્દની માયના આપી છે. તેમાં સર બારટલી ફીયરનો અભિપ્રાય એ છે કે ખોજા એ શબ્દનો અર્થ આબરૂદાર અથવા ખુબીવંતા શખ્સ અને મુરીદ એમ થાય છે. એ માટે જુઓ ઇસમાઈલી સિતારો માસિક ઇ૦ સ૦ ૧૯૦૯ આગષ્ટ માસના અંકમાં પા. ૧૯.

" ખોજાઓ કોણ છે ? " એ વિષય લખ્યાબાદ છેક ઇ૦ સ૦ ૧૯૧૨ સુધી કાંઇપણ રદીઓ ન મળવા પામ્યો ત્યારે તેજ સાલના અકટોબર માસના ઇસમાઇલી સિતારો માસિકના અંકમાં "ખોજાઓ ઇસમાઇલી કે કેમ ? એ વિષય ઉપરે લખી યાદી આપવાની જરૂર પડી. એમાં મુંબઇના માજી ચીફ જસ્ટીસ સર અરસકીન પેરીએ ઇ૦ સ૦ ૧૮૪૭ માં

ખોજા વારસા હિસ્સાના કેસના આપેલ ચૂકાદામાં ખોજા કોમના ધર્મ વિષે જે ઇશારો કરેલ છે, તે અમોએ આપ્યો છે. તેની ખાસ નોંધ લેવી અગત્યની થઇ પડશે.

FROM an instructive nôte by Lt. Col. Rawlinson it appears that Agakhan is a lineal descendent of the Sixth Imam ãnd that a large section of Mussalmans believe this 6 th. Imam is again to appear on the earth. It is probable that the Pir, who converted these Khojas belonged to this Imami sect of Persia and hence the reverence for Agakhan, which is shewn by number in Persia and which induced the late king to bestow on him his daughter in marriage. The peculiar docrrine of the Ismailies, as this section of Mãhomedans is called in Persia is that they believe each successive

Imam from Ali to Ismail was an incarnation of the Divine Essence......"

(Perry's Oriental Cases page 113)

"લેફ્ટેંટ કર્નલ રોલીનસનના સુચક નોંધ ઉપરથી જણાય છે કે **નામદાર આગાખાન** ઇસ્માઇલી ઇમામથી વંશપરંપરા ઉતરી આવેલ છે. એ સંભવિત છે કે જે પીરે ખોજાઓને વટલાવ્યા હતા, તે ઇરાનમાં વસતાં ઇમામી ટોળાંને લગતા હતા અને તેથી ઇરાનમાં અસંખ્ય લોકો **નામદાર આગાખાન** પ્રત્યે ભક્તિભાવ ધરાવતા હતા. તેમની વિચીત્ર માન્યતા એ છે કે તેઓ **હ૦ અલીથી ઇસમાઇલ** સૂધી સીધી નસલ ધરાવનારા ઇમામને ખુદાનો અવતાર માને છે."

જ્યારે ખોજાનો અર્થ મુરીદ થતો હોય અને ખોજાઓને વટલાવનાર દાઇ **પીર સદરદીન** ઇસમાઇલી હોય અને તેમના વખતના **ઇમામ ઇસલામ શાહ હજરત ઇસમાઇલિથી** ઉતરી આવે-

લા હોય એવું પુરવાર થતું હોય તો પછી વગર શકે કહી શકાશે કે ખોજાઓ ઇસમાઇલી ધર્મમાં વટલ્યા હતા. ખોજા શબ્દની માયના "ખોજાઓ કોણ છે" એ વિષયમાં, ખોજાઓને વટલાવનાર **પીર સદરદીન** ઇસમાઇલી હતા એ બાબદ "ખોજાઓ ઇસમાઇલી કે કેમ ? ના વિષયનાં અને **શ્રી ઇસલામ શાહ ૬૦ ઇસમાઇલથી** ઉતરી આવેલ છે એની સાબીતી દાખલ "શું **શ્રી ઇસલામ શાહ** ઇસમાઇલી ઇમામ ન હતા ?" ઇસમાઇલી સિતારો માસિકના સંવત ૧૯૭૧ ના આસો માસના અંકમાં નીચલાં જ્ઞાનનો પાઠ સાથે આપવામાં આવેલ છે.

પાઠ.

આલ અલી શ્રી ઇસલામ શાહ રાજા,
અલ્લાહ એહી ઇમામ.

અર્થ:—**શ્રી ઇસલામ શાહ** દીનનો બાદશાહ **અલી**ની નસલમાંથી વંશપરંપરા ઊતરી આવે-

લા છે અને તેઓ પોતે ખુદાવંદતાલાનું નુર ધરાવ-નાર ઇમામ છે.

મી૦ કાબા પાસે એવી છેલ્લી માંગણી મેં કરી છે કે કોઇપણ એવું જ્ઞાન રજુ કરવું કે જેમાં ઇસ્નાઅશરી ઇમામનું નામ હોય. તે માંગણીના જવા-બમાં તેઓએ કયાંએ લખ્યું હોય એવું મારી જાણ-માં નથી.

" ખોજાઓ કોણ છે ? " એનો રદીઓ છેક ઇ૦ સ૦ ૧૯૧૩ માં ખોજા પંથ દર્પણના પહેલા ભાગમાં આપવામાં આવ્યો છે તેનો જવાબ " શું ખોજાઓ ઇસમાઇલી ન હતા ? " એ મથાળાં હેઠળ નાનકડાં પુસ્તક દ્વારા આપવામાં આવ્યો છે. ઇ૦ ૧૮૬૮ ના બારભાયા કેસ યાને પહેલા આગાખાન યા ખોજા કેસનો જે ચુકાદો સર જોસફ આર્નોલ્ડે આપ્યો હતો, તેમાં ખોજાઓનો ધર્મ શીયા કે સુન્ની એજ નક્કી કીધું હતું એટલુંજ નહિ પણ કઇ જાત-ના શીયા તે ખુલ્લે ખુલ્લું "શીયા ઇમામી ઇસમાઇલી"

શબ્દો ઉમેરીને જડજ સાહેબે, ખોજાઓ કયા ધર્મ-માં વટલ્યા હતા તે દેખાડી આપ્યું છે. જેમ મી૦ કાબા લખે છે કે આગાખાની પાર્ટીવાળાઓની નેમ ખોજાઓનો ધર્મ ફક્ત શીયા નહિ પણ શીયા ઇમામી ઇસિમાઇલી ઠેરવવાની હતી. અગર તેમ નહિ હતે તો જડજ સાહેબ શા માટે પછી શીયા ઇમામી ઇસિમાઇલીની ભાંજગડમાં ઉતર્યાં હતા. નામદારજડજ સર જોસફ આર્નોલ્ડના શબ્દો મુંબઇના માજી ગવર્નર ઓનરેબલ સર એચ. બાર્ટલી ઇ. ફ્રીયરના મ્હોટે ઇ૦ સ૦ ૧૮૭૫ ના લંડન ખાતે પ્રગટ થતાં મેકમીલન મેગેઝીનના આગષ્ટ તથા સપ્ટેમ્બરના અંકોમાં નં. ૨૦૨ ને ૨૦૩ માં ખોજાઓનો અહેવાલવાળા લેખમાંથી નીચે પ્રમાણે તે નાનકડાં પૂસ્તકમાં ટાંકી બનાવેલ છે.

"The Judge Sir Joseph Arnold next investigates the question, who and what are the Khojas and what have their relati

ons with the hereditary Imams of the Ismailies, the ancestors of the Agakhan ?

Upon the whole, he comes to the conclusion that the Khoja community is a sect of people whose ancestors were Hindu in original, which was converted to and has throughout abided in the faith of the Shia Imami Ismailies and which has always been and still is bound by ties of spiritual allegiance to the hereditary Imams of Ismailies. "

"નામદાર જડજ જે બીજો સવાલ તપાસે છે તે એ છે કે ખોજાઓ કોણ અને કેવા છે? અને **નામદાર આગાખાન**ના વડવાઓ ઇસમાઇલી ખોજા વંશપરંપરા ઇમામો સાથે શું સંબંધ ધરાવે છે. છેવટે તે એવા નિર્ણય ઉપર આવે છે કે ખોજા કોમ તે લોકો છે કે જેના વડવાઓ અસલ હિંદુ હતા, જેઓ ઇમામી ઇસમાઇલી ધર્મમાં વટલ્યા

હતા અને દરોબસ્ત તે ધર્મને વળગી રહ્યા હતા તથા જેઓ ઇસમાઇલીયોના વંશપરંપરા ઇમામો સાથે આત્મીક તાબેદારીની ગાંઠથી હમેશા અને હજુ સુધી બંધાયેલા છે."

મારાં નાનકડાં પુસ્તકને કાંઇપણ રદીયો આપવામાં આવ્યો નથી. ગમે તેવી ગોલમાલ દલીલો બચાવ માટે ખોજા કોમને ઇસ્નાશરી તરીકે ઠેરવવાની કોશેષ કરનારાઓ લાવશે તોપણ તેમનું કાંઇ વળવાનું નથી કારણકે ખોજા પંથ દર્પણના ભાગ પહેલામાં પા. ૮ ઇશ્નાશરી લેખક મી૦ એદલજી ધનજી કાબાએ પહેલા **આગાખાન ના૦ આગા શાહ હસન ઉલ હુસેની**ના દસ્તાવેજની જે નકલ આપી છે, તેજ મજબુતમાં મજબુત દલીલ છે. એના જેવી મદદગાર, સતાવાર, મક્કમ સાબીતી બીજી કોઇ નથી. દસ્તાવેજ ઇ૦ સ૦ ૧૮૬૧ ની ૨૦ મી અકટોબર જાહેર મુકવામાં આવ્યો હતો. મી૦ કાબા તેનો સ્વીકાર કરતાં જણાવે છે કેઃ—

" આ પત્રમાં **આગાખાન** એવી ખાહેશ બતાવે છે કે પોતાના પાક વડવાઓનો ઇમામીઓનો ધર્મ ખોજા લોકો માને (એટલે કે શીયા ઇમામી ઇસ્માઇલીનો ધર્મ) લગ્ન, ગૂસલ અને દાટવાની ક્રિયા સંબંધી તેઓ તે પ્રમાણે ચાલે એમ કરવાને તે સંબંધ એવો જણાવે છે કે વર્તમાન પત્રમાં ખોજાઓ સંબંધી એવી બીના તેના જોવામાં આવી હતી કે તેઓ સુન્ની છે અને કોઇ એક શખ્સ (એટલે પોતે) તેઓને ઇમામીયા ધર્મ પાળવાને આપખુદીથી બોલાવે છે. તેથી તેણે આ કાગળ તઇયાર કર્યો કે આ ગ્રેજી હકુમતમાં સર્વ કોઇને પોતાની મરજી પ્રમાણે ધર્મ પાળવાની છુટ છે માટે જે ખોજાઓ શીયા ઇમામી ઇસ્માઇલી ધર્મ પાળે છે તેઓ ખુલ્લી રીતે હવે ધર્મની રીત પ્રમાણે ચાલે; કે જે ધર્મ તેઓના વડવાઓ લગ્ન, મઇયત ઇત્યાદી સંબંધી છુપી રીતે પાળતા હતા, એ કોરી ચોપડીમાં સહીઓ લેવાને વાસ્તે તે કાગળ ચોપડીની શરૂઆતમાં લખેલો હતો અને તેને છેડે

એમ હતું કે હવે જે મારો હુકમ માનવાને રાજી હોય તેઓએ એની ઉપર સહી કરવી કે હું તેને ઓળખું."

કેટલાક બેવકુફો એવું બકતા હતા કે હાલના **ના૦ આગાખાન સર સુલતાન મહમદ શાહ** શીયા ઇમામી ઇસ્માઇલી ધર્મ પાળવાનું ફરમાવે છે પણ તેમના દાદા **આગા શાહ હસનઅલી** તો પોતે ચુસ્ત શીયા ઇસ્નાશરી હતા, તેમને માટે ઉપલો દસ્તાવેજ પુરાવા દાખલ બસ છે.

કેવી અજાયબી કે જે લેખક **ના૦** પહેલા **આગાખાનનો** ઉપલો પત્ર રજુ કરે, તેજ કહેવા નીકળે કે ખોજાઓ ઇસ્માઇલી ધર્મમાં વટલ્યા ન હતા. આ ઉપરથી મી૦ કાબાની વલણ કેવી છે, તે જણાઇ આવેછે. સત્યતાને કોઇ પણ ગમે તેટલું છુપાવે, છતાં તે અજવાળામાં આવ્યા વિના રહેતી નથી. ઇસમાઇલી ધર્મનો મોટામાં મોટો મોજીજો જગ જાહેર તો એ છે કે મુસલમાન ત્વારીખ લખનારાઓ ઇસમાઇલીયોના વિરોધીયો હતા છતાં, તેમાં કોઈ કોઇ

ઠેકાણે સચ્ચાઇ તેમનાજ હાથે અજાણપણે લખાઇ ગયેલ છે. તેવીજ રીતે મી૦ કાબાના બારામાં કાં ન બન્યું હોય ? ખોજા પંથ દર્પણના પહેલા ભાગનો ઠીક હાથ લાગ્યો. તે વખતે ત્રીજો ભાગ મારા વાંચવામાં આવ્યો ન હતો, નહિતો સાથે ને સાથે જે ૮ જ્ઞાનના પાઠો ઉપરથી ખોજાઓનો ઇસ્માઇલી ધર્મ સાબીત થાય છે, તેના રદીયાનો જવાબ પણ અપાઇ જતે. " શું ખોજાઓ ઇસ્માઇલી ન હતા ? " એનો રદીઓ મળી જવા બાદ એક દળદાર પુસ્તકના આકારમાં થોડો વખત રહીને રજુ થવાનો વિચાર હતો. તેને અમલમાં મેલવાનો પ્રસંગ આવેલો જોઇ ખુશી ઉપજે છે.

આ પ્રસ્તાવનામા મારી તરફથી અગાઉ લખવાનાં આવેલ લેખોનો ટુંક સાર તેને લગતો એટલા માટે આપવાની ફરજ પડે છે કે વાંચક વર્ગની લક્ષ બહાર મુખ્ય બાબતો જવા પામે નહિ. હવે હું અત્રે ૮ જ્ઞાનના પાઠો, તેનો મારી તરફથી આપવામાં આવે-

લ સાર અને મી૦ કાબાએ તે સંબંધી ઉઠાવેલો સંવાદ બધાઓ સનમુખ રજૂ કરીશ. જે ઉપરથી ન્યાય કરવાનું કામ મારા હાથમાં કે મી૦ કાબાના હાથમાં નથી પણ વિદ્વાન વાંચક વર્ગના હાથમાં છે. પણ તેમને યાદ અપાવવાની જરૂર છે કે મી૦ કાબા જેવા જ્ઞાન શાસ્ત્રની પુરતી તપાસ લીધા વિના ભાવાર્થ સમજવામાં ભુલ કરે એ ઘણું આશ્ચર્ય કારણ ગણાય.

કર્તા.

યા અલી મદદ.

ખોજાઓ ક્યા ધર્મમાં વટલ્યા હતા ?

ઇસમાઈલી કે ઇસ્નાશરી ?

સંવાદ પહેલો.

નકલંકી મૌલા અલી.

ગીનાનનો પાઠ.

તારીએ તું તારણહાર ખુદાવંદ,
અવર ન તારે દુજા કોઈ;
અલી તુંહી, તુંહી, તુંહી.

૨

ભજે પીર સદરદીન સ્વામી તેરે શરણે,
મોલા વીના મોક્ષ ન હોએ;
અલી તુંહી, તુંહી, તુહી.

અર્થ—ખુદાવંદતાલાનું નુર ફકત આપાણું તારણ કરશે બીજો કોઈ તારી શકશે નહીં, તે કોણ યા અલી તુંજ પોતે છે. પીર સદરદીન કહે છે કે અય બેઊ જહાનના માલીક તારી પનાહમાં મને રાખજે, કારણ કે યા અલી તું પોતેજ મઉલા છે યાને ધણી છે અને મુકિત તારા વિના કેમ મેળવી શકાય ?

સાર:—પીર સદરદીને મોલા અલીને તારણ કરનાર તરીકે વર્ણવેલ છે, જે સિધ્ધાંત ઈસ્નાશરી મઝહબ કબુલ કરતું નથી.

મી૰ કાબાનો જવાબ:—

"તારીએ તું તારણહાર" નો જે ગીનાનનો પાઠ આપવામાં આવ્યો છે, તે પીર સદર-

૩

દીનના કયા ગીનાનમાંથી આપવામાં આવ્યો-
છે, તે લખેલું નથી, તેમ તેનો જે અર્થ
કરવામાં આવ્યો છે. તેથી ઈસમાઈલી દીન
કેવી રીતે સીધ્ધ થઈ શકે છે તેની કાંઇ સુઝ
પડતી નથી. ગીનાનનો અર્થ સ્પષ્ટ છે.
હજરત અલી સિવાય કોઈથી તારણ થઈ
શકશે નહિ. હઝરત અલી એહલે બૈતમાં
મુખ્ય છે અને એહલે બૈતની મહોબત વિના
મોક્ષ થઈ શકે નહિ, એ સમગ્ર શીઆ પંથી-
ઓની માન્યતા છે.

બે હુબ્બે એહલે બૈત ઈબાદત હરામ હય.
ઝાહેદ તેરી નમાઝકો મેરા સલામ હય.

હઝરત અલી સિવાય બીજાથી મોક્ષ
મળી શકે નહિ, તેમાં પીર સદરદીન ખોજાનો
અસલ ધર્મ ઈસ્માઈલી અથવા ઈસ્માઈલીની
નેમ જણાવે છે, એનો સ્હેજ પણ ભાસ

થતો નથી. હઝરત અલીને તારણ કરનાર તરીકે ઈસ્નાશરી કબુલ રાખતા નથી, એ સત્ય નથી. ઈસ્નાશરીઓ હઝરત અલી ઉપરાંત સમગ્ર મઅસુમ એહલે બૈતને તારણ કરનાર માને છે. આવી સ્થિતિ વચ્ચે લેખકની આ દલીલ ટકી શકતી નથી.

ખરો ખુલાસો.

ઉપલા ગોનાનના પાઠમાં હઝરત અલીને તારણહાર ખુદાવંદ કહેવામાં આવેલ છે. અગર હઝરત અલી ખુદાવંદતાલાનું નુર ધરાવતા ન હતે, તો તારણ હાર કહેવાઇ શકાતે નહિ. કારણકે તે "વાહદહુલા શરીક" છે યાને એક છે અને તેનો કોઈ ભાગીદાર નથી. અગર ખુદાવંદ તાલાના નુરમાં અને હઝરત અલીના નુરમાં કાંઈ તફાવત સમજવામાં આવે તો પછી બંન્નેના નુર એક

નહિ, પણ જુદા ગણાય અને હઝરત અલી ખુદાના ભાગીદાર લેખાય. લેફ્ટનન્ટ કરનલ રોલીનસનના જણાવ્યા મુજબ ઈરાનના ઈસ્માઈલીઓ પણ હઝરત અલીને તથા તેના વંશ પરમપરા ગાદીવારસ ઈમામને *Incarnation of the Divine Essence* યાને મઝહરે ઝાતે ખુદા અથવા નકલંકી અવતાર સમજે છે. (જુઓ પ્રસ્તાવના.)

ઉપલું ગીનાન પુસ્તક ૧૦૨ ગીનાન ભાગ ૪ થામાં પા. ૨૩ છે. સુબુહના ચોઘડીઆનું ૧૨ મું ગીનાન છે. તેમજ નીચલો પાઠ બીજાં ગીનાનમાં પણ નજરે પડે છે.

પાઠ.

એજી હક તું, પાક તું, બાદશાહ
મહેરબાન અલી, તુંહી, તુંહી, તુંહી.
એજી રબ તું, રહેમાન તું,
અવલ, આખીર, કાજી તુંહિ, તુંહી, તુંહી.
(૧૦૦ ગી૦ ભા૦ ૫ પા૦ ૬૩)

માયના.

અય અલી તું હક છે, પાક છે. બંન્ને જહાનનો મહેરબાન બાદશાહ છે. તું રબ છે. તું રહેમાન છે. અવલ અને આખીર કાજી યાને ન્યાય કરનાર તુંજ પોતે છે.

કયામતના દહાડે ઈન્સાફ કરવાનું કામ ખુદાવંદતાલા સિવાય બીજા કોઈના હાથમાં નથી. જ્યારે ઈન્સાફ કરનાર હઝરત અલી હોય, તો પછી હઝરત અલીને મઝહરે ઝાતે ખુદા યાને નકલંકી અવતાર સમજવામાં શું વાંધો છે? નકલંકી નામ મી૰ કાબાને ગળે ઉતરતું નથી. પણ મઝહરે ઝાતે ખુદા તુરત ગળે ઉતરી જશે. હવે મારે એજ દેખાડી આપવાનું છે કે નકલંકી અવતારને ઇસલામી વીદવાનો મજહરે ઝાતે ખુદા સમજે છે. મોલાના મુરતઝા અલીને

નકલંકી તરીકે ઓળખાવનાર હાલના જમાનામાં " હમારા પાક નબીનું જીવન ચરિત્ર " એ પુસ્તક છે, જે નવસારીની નુર સતગુરની દરગાહવાલા પીરજાદા સદરૂદીન તરફથી બહાર પાડવામાં આવેલ છે. તે પુસ્તકના પા. ૧૮૫-૧૮૬ માં નીચલા વાકયો હજરત અલી માટે લખવામાં આવ્યા છે.

" નકલંકી મૌલા અલીએ જન્મથોજ અનેક ચમત્કારો બતાવ્યા હતા, જેનું વરણુન ઘણા વિસ્તાર પુર્વક મોજીઝાતે-મુર્તઝવી, તોફતુલ-મજાલીસ અને ફઝાયલે-મુર્તઝવી વીગેરે પુસ્તકોમાં મલી આવે છે. તે પૈકી અત્રે ચાર મોજીઝા (ચમત્કારો) ટાંકીશ એટલે તે નકલંકી મૌલા અલીની અદભુત શકિતનું દિગ્દર્શન જન સમાજને બતાવવા માટે ઉચિત થઈ પડશે. નકલંકી મૌલા અલીએ સોળ વર્ષની ઉમ્મર થતાંજ

હૈત્યો સાથે યુધ્ધનું આરંભ કર્યું, અને ઓગણીસ વર્ષની વયમાં મોટા મોટા હૈત્યોનો પરાજય કર્યો. બાવીસ વર્ષની ઉમ્મરમાં ખેબરનો દ્વાર ઉખેડી નાંખ્યો, અને અસંખ્ય ચમત્કારો બતાવ્યા હતા, જેને લગતું વર્ણન સતાધાર ઈસ્લામી તવારીખોમાં સોનેરી હરફોએ લખવામાં આવ્યું છે અને તેઓમાં ખુદાઈ શકિત હતી એમ પણ સ્વીકાર કરવામાં આવ્યું છે, જે શકિતને સંસ્કૃત ભાષામાં વિષ્ણુની શકિતના નામે ઓળખવામાં આવે છે.”

કેમ મી૦ કાબા ઉપર જણાવેલ નવસારીની દરગાહવાળા સદરૂદીનના શબ્દે શબ્દને તમો મલતા થાઓ છો કે? તમો તેમને સારી પેઠે ઓળખો છો અને તેમના સમાગમમાં આવેલા છો અને તેમના આચાર વિચારોથી માહિતગાર છો. એટલે તમો તેમને

એક ચુસ્ત ઇસલામી સમજતાજ હશો.

ઈ૦ સ૦ ૧૯૦૮ માં મુંબઈ ખાતે ગુલ-જારે-હુસેની પ્રેસમાં છપાયલો એક રીસાલો કશફુલ-હકાયકના એડીટર હીસામુદીન ખુન્દમીરી નામના ઇસલામો વીદવાને બહાર પાડેલ છે, જેનું નામ "*Part I. Lecture on the Incarnation of God*" "હિસ્સ-યે અવ્વલ લેકચર મઝહરે-જાતે ખુદા પર" છે.

ઉપલા ચોપાનીયામાં પા૦ ૨ ભાશણનો કેટલોક ભાગ અત્રે ઉતારી લઈએ છીએ.

"સાહેબો ઈસ બાતકો દોહરાનેકી જરૂરત નહિ કે આપ લોગ મઝહરે—ખુદાકે મીસલેકુ માનતે હય ઓર મસીહાબી માનતે હય."

"જબ હમ ઈન્સાની કે એતકાદકી અસ્લી ખાસી-યત ઓર એતકાદકી અસ્લી જોશ પર ગઉર કરતે હય તો માલુમ હોતા હય કે બાબી, બહાઈ, મુસલમાન. મસીહા, ઓર હીંદુ વીગેરે કોમે ખુદાએ પાકકુ અપને હમ જીન્સોમે

યાને ગરૂહે ઈન્સાનીકે બીચમે દેખતે હય. ઓર બીબાસે ઈન્સાનીમે દેખતે હુએ. ઈનસાનકો યેહ ઈતેકાદ જીયાદા રગુબ હય કે ખુદા જીનઆરી પરદોંમે છીપા હુવા ન રહે, બાલકે પયકર ઈન્સાનીમેં જલવાગર હો, ઓર હમારે મજમુઅમે રહે ઓર મીસ્લે હમારે હો."

ડીસેમ્બર ૧૯૦૮ ના "મખઝન" નામના ઉરદુ ચોપાનીયામાં દીલ્લીવાલા મશહુર આલીમ ખાજા હુસન નીઝામીએ "ઈમામુલ હાજર—આગાખાન" એવા મથાળા હેઠળ એક લેખ લખ્યો છે. તેમાં તે ખોજાઓના ધર્મ વિશે લખતાં અવતારીક માન્યતા સંબંધી નીચે મુજબ ખુલાસો કરે છે.

"યેહ ફીરકા હઝરત ઈસમાઈલસે મનસુબ હય. જો સૈયદના હઝરત ઈમામ જાફર સાદીકકે બડે સાહેબઝાદે થે."

"ઉનકે અકીદેમેં હઝરત ઈમામ જાફર સાદીકકે બાદ હઝરત ઈસમાઈલ ઈમામ હુએ. ગો વોહ

રેહેલત કર ગએથે, મગર ઉન્કી રૂહ ઉન્કે ફરજંદ મહુ-
મદ બીન ઈસમાઈલમેં જાહીર હુઈ ઔર ઈન્તેકાલ હોતી
હુઈ મવજુદા આગાખાનમેં આઈ. ''

જબ ઇસ ફીરકેકે દાઈ હીંદુસ્તાનમેં આએ ઔર
હીંદુઓકે મઝહબકો શીખાતો ખલ્લમ ખલ્લા હઝરત
મઉલાઅલી ઔર આગાખાની ઈમામોકો મઝહરે-ઝાતો
સીફાત યાને અવતાર બયાન કરને લગે. ''

મઝહરે ઝાતો સીફાત યાને મઝહરે ઝાતો સીફાતે ખુદા એના ટુંકામાં લઇએ તો મઝહરે ઝાતે ખુદા થાય છે.

મી૦ કાબા ઊપર દરશાવેલ વીપગુની શકિત, નકલંકી મોલાઅલી, અવતાર, મઝહરે ઝાતે ખુદા, મઝહરે ઝાતો સીફાત એમાંથી તમને કયા શબ્દો રૂચે છે, તે જણાવવાની તસ્દી લેશો કે ?

દુન્યામાં શું વોહોરા, ખોજા, શામી, ખુરાશાની કે બદકશાની તમામ ઈસમાઇલીઓ

૧૨

હઝરત અલીને નકલંકી અવતાર યાને મઝહરે ઝાતે ખુદા તરીકે કબુલ કરે છે.

એક વોહોરા આલીમ શખશે હઝ-રત અલીની શાનમાં બયતો જોડી છે તેમાંની કેટલીક નીચે મુજબ ઊતારી લીધીછે.

કુરાન જીસે કહેતે હય, વોહ રૂએ અલી હય,
હર સીતર વોહ કુરાનકી, અબરૂએ અલી હય,
જીન્નત જીસે કહેતે હય, વોહ કુએ અલી હય,
આલમકી નઝર શામો શહર, મુએ અલી હય.
કહેનેકુ બશર હુએ, મગર અલ્લાહ અલી હય,
કોનનકે અહવાલસે, આગાહ અલી હય.
પૈદા કીએ, એ મોમીનો, હમ તુમકો અલીને,
અફલાકપે રોશન કીએ, અનજમકો અલીને,
ઈસ આલમે નાસુતકા ખલ્લાક અલી હય,
ખાલેકકી તરાહ ખલ્કકા, રઝ્ઝાક અલી હય;

ખાલીક, અલીકું કયું ન કહે ખલ્ક સબ તમામ
પૈદા હુએ હૈ અએન અલીસે, યેહ ખલ્ક
ખાસોઆમ.

મી૦ કાબા ઉપલી બયતોનો સાર સમજીને તમો ખુલાશો કરશો કે ઇશ્નાશરીઓ હઝરત અલીને એટલો બધો આલા મરતબો આપે છે કે? ગીનાનમાં તારણ કરનાર અલી ખરો, પણ સાથે "રબ" ને "રહેમાન" દરશાવેલ છે, એ સીધ્ધાંત ઈસ્નાશરી મઝહબ કબુલ રાખે છે કે? અગર કબુલ રાખતા હોય તો પછી પહેલો સંવાદ અમો પાછો એંચી લઈએ, નહિતો તમો મહેરબાની કરીને ચુપકીદી અખતીયાર કરીને બેસી રહો તો બહેતર છે. વાદવિવાદ કરવામાં સાર છે, પણ તે સમજુ, ડાહ્યા લેખક સાથે. નહિ કે હઠીલા, માથા ફુટીઆ, અભણ સાથે. બચાવ કરોતો

એવો કરો કે ટકી શકે, ચાલી શકે. દુન્યામાં વિદ્વાનો હાંસી કરે નહિ. કોઈ પણ ગીનાનનો પાઠ આપવામાં આવે તો ગીનાનના તમામ પાઠોનો પહેલાં અભ્યાસ કરો અને પછી જવાબ આપવા કુદકા મારો! અફસોસ છે કે તમારા જેવા એક અનુભવી લેખકને આવી નાની સુની બાબતમાં આટલું બધું સમજાવવું પડે છે. પહેલે તો તમો પોતે જાણતા નથી કે ઉપલો ગીનાન કયાંથી લેવામાં આવેલ છે. એક કોરાનનો અઠંગ અભ્યાસી આયત સાંભળીનેજ તુરત જાણી લે છે કે ફલાણા સીપારામાં છે. તેવીજ રીતે કોઇ પણ ગીનાન કયાં છે, એ ગીનાનનો અઠંગ અભ્યાસી જાણી શકે છે. ગીનાનના અખંડ અભ્યાસી હોવાનો તમારો દાવો સદંતર ખોટો ઠરે છે. જ્યારે તમો પોતે હજુ ઇસ્માઇલી ગીનાન શાસ્ત્ર પુરેપુરૂં જાણતા નથી,

ત્યારે લાંબા લાંબા પુસ્તકો લખી લોકોને અમથા શા માટે તકલીફમાં નાખો છો? તમો તો એજ ધંધો લઈને બેઠા છો, પણ બીચારા બીજા ધંધાદારીઓને ફોકટ હેરાન થવું પડે છે. કોઈને નકામું દુઃખ આપવું, એમાં શું તમો સવાબ સમજો છો?

" આકેલરા ઈશારત બસ અસ્ત "

યાને અકલમંદને ઈશારો કાફી છે, એમ આ થોડું લખેલું ઘણું જાણજો. હવે આપણે બીજો સવાલ તપાસીએ.

સંવાદ બીજો.

પીર સદરદીનના જમાનાના ઈમામ કોણ ? શ્રી ઈસલામ શાહ કે બીજા કોઇ ?

ગીનાનનો પાઠ

એજી પાછમે આયા શાહા પરતક પાયા,
ભુલીયા ગાફલ તેણે જનમ હરાયા;
સરેવો શ્રી ઈસલામશાહ
મહેદી દસમું અવતાર અલી;
શાહ જીવેજો દાતાર અલખ પુરખ,
શાહ તું ધરણી આધાર અલખ પુરખ,
શાહ તું સરણી સધાર-સરેવો.

એજી પાછમે પાત્ર શાહ તું નકલંકી નારાયણ
આપે શાહ તું અપર પરીયાણ,
તમને સરેવું સ્વામી અવર ન જાણું.—સરેવો

સાર:– ઈસલામશાહને હાજર ઇમામ ગણી તેને હઝરત અલી જેટલુંજ માન આપવામાં આવ્યું છે, તેને અલીનો અવતાર નકલંકી પાત્ર કહેવામાં આવ્યો છે. ઇશનાશરી મઝહબ બીજા ઇમામોને અલીનો અવતાર ગણતું નથી, તથા હઝરત અલી જેટલું માન આપતું નથી. તે તેને મુતીઊલ અમ્ર ગણે છે જ્યારે ઇસમાઇલી મઝહબ દરેક ઈમામને હાદીયુલ–મહેદીનો લકબ આપી સાહેબલ અમ્ર ગણે છે. તેથી ઈસ્નાશરી મઝહબ ઈશલામશાહને હાજર ઇમામ તરીકે દર્શાવી શકેજ નહિ.

બી૦ કાબાનો જવાબ:-

"બીજી દલીલમાં જે જ્ઞાનનો પાઠ આવ્યો છે, તેમાં એક પણ શબ્દ કે ઇશારો એવો નથી કે જેમાં ખોજાનો અસલ ધર્મ ઈસ્માઈલી હોવાનું નીકળી શકે. પશ્ચિમથી શાહ પરતક આવ્યો છે તેમાં ઇસમાઈલી પણ સોધ થતું નથી. ત્રીજી લીટીમાં શ્રી ઈસલામશાહ મેહેદી દસમો અવતાર અલી જણાવ્યું છે. શ્રી ઈસલામશાહ ઈમામ ઇસમાલની ઓલાદમાંથી ઉતરી આવેલા છે, તેવી તવારીખી દલીલ તેમાં આપી નથી, તેથી એ કેમ અર્થ માની લેવાય કે શ્રી ઈસલામશાહ ઈસમાઇલી હતા. વળી ઈસલામશાહને મહેદી જણાવ્યા છે તે વાત પણ બરાબર નથી કેમકે ઈસમાઈલી ધર્મ શાસ્ત્રમાં મહેદી તો હવે પ્રગટ થસે, ફરી લંબાણ હેવાલ

આપવામાં આવ્યો છે. સારમાં લેખક જણાવે છે કે શ્રી ઈસલામશાહને હાજર ઈમામ ગણ્યા છે, પણ હાજર ઇમામ કે તેનો ઈશારો ગીનાનમાં છેજ નહિ. વળી ઈસલામમાં અવતારની માન્યતા નથી, છતાં અવતારની માન્યતાને ઇસમાઈલી માન્યતા ઠોકી બેસાડવી એ દલીલ ચાલી શકે નહિ. ઈસલામમાં અવતારની માન્યતા નથી, તેથી હઝરત અલી દસમો અવતાર હોઇ શકે નહિ. વળી શ્રી ઈસલામશાહ હઝરતઅલીથી ઘણી દુરની પહેડીએ હોતા દસમો પહેડીએ જણાવ્યા છે, પરંતુ ધુવામાં ત્રીસમી પહેડીએ તે નામ આવે છે. જયારે ઇસલામ હઝરત અલીને ખુદાનો અવતાર ગણી શકે નહિ ત્યારે ઇસ-માઈલી કેવી રીતે ગણી શકે? વળી હ૦ અલીને નકલંકી પાત્ર જણાવે છે તો અમો પુછીએ છીએ કે નકલંકી તો શકિત માર્ગ

વાળામાં દસમા અવતાર તરીકે મનાય છે અને શકિત માર્ગ તો હિન્દુ મતને લગતો છે. પ્રથમતો નકલંકીની માન્યતા ઇસલામી માન્યતા છે તેવું બતાવવું જોઇએ અને તાવીલ કરવી જોઇએ. મતલબ આ દલીલ પણ ખોજાનો ઇસમાઇલી ધર્મ સિધ્ધ કરી શકતી નથી. ”

ખરો ખુલાસો.

મી૦ કાબા લખે છે કે “ પશ્ચિમથી શાહ પરતક આવ્યો તેમાં ઇસમાઇલી પણું સાબીત થતું નથી.

મી૦ કાબાએ એવી પોલીસી અખત્યાર કરેલી જણાય છે કે ભલતી માયના નીકળે તેવી અધુરી આયત બતાવવી. મી૦ કાબા તમો સમજો છો કે બધા આંધળા અને અજ્ઞાન છે તેમ નથી હો! મહેરબાની કરીને એવી જાલસાજી

રમવાનું હવે માંડી વાળો તો ઠીક. ગીનાનના પાઠની પહેલી ત્રણે લીટી સાથે લેવામાં આવે તોજ તેનો અર્થ પુરેપુરો નીકળી શકે છે.

"એજી પાછમે આવા શાહ પરતક પાયા,
ભુલાંઆ ગાફલ તેણે જનમ હરાયા.
સરેવો શ્રી ઈસલામશાહ,
મહેદી, દસમુ અવતાર અલી"

અર્થ—શ્રી ઈસલામશાહ જેઓ નકલંકી મઉલાઅલી દસમા અવતારના ગાદી વારસ જમાનાના ઈમામ છે, તેઓ પશ્ચિમ દેશથી આવ્યા છે અને પરતક યાને જાહેર એ શાહ એટલે ઈમામ તરીકે બીરાજે છે, તેમની સેવા કરો. જે ગાફલ ભુલશે તે પોતાનો મનુંષ્ય અવતાર નકામો ગુમાવશે.

જે ઈશ્વરી શકિત હીંદુઓના નવ અવતારોમાં હતી, તેવી નકલંકી મોલા અલીમાં

હોવાથી તેમને દસમા અવતાર તરીકેની ઉપમા આપવામાં આવે તેમાં શું ખોટું છે? પહેલા પ્રકરણમાં દર્શાવ્યા મુજબ હજરત અલી મઝહરે-ઝાતે-ખુદા એટલે કે મઝહરે ચઝદાં હોવાથી ખુદાઈ નુર નસલ બ નસલ તેમના વંશજોમાં ઉતરેલું હોઇને દરેક ઈમામને દશમા અવતાર અલી તરીકે ઓળખવામાં આવે એ કોઈ પ્રકારે અક્કલથી દુર નથી. જેવી,રીતેનકલંકી મૌલા અલી પોતાના જમાનામાં મહેદી હતા, તેવીજ રીતે પીર સદરદીનના જમાનામાં ઇમામુલ-વકત ઇમામ ઈસલામશાહ હોવાથી તેમને મહેદીનો લકબ લાગુ પાડવામાં આવેલ છે. કારણ કે દોઆમાં શાહની પુઠીમાં ૪૮ મા ઈમામ સર આગા સુલતાન મહુમદ શાહના નામ આગળ "હાદીઉલ-મહેદી" નો લકબ આપેલો જણાય છે. હાદી અને મહેદી બન્ને

ની મતલબ એકજ થાય છે. જેવી રીતે ઇમામ ઇસલામશાહ પોતાના જમાનાના મહેદી હતા, તેવી રીતે દરેક જમાનાના ઈમામુલ-વકતને મહેદી ગણવામાં આવે છે. ટુંકમાં કહીએ તો મહેદી એટલે ઇમામ થાય છે. મહેદી પ્રગટ થનાર છે એની મતલબ ઇમામ જાહેર થનાર છે. જો કે ઇમામ ગયબ નથી. અને હાજર અને નાજર છે, છતાં તેની જાહેરાત ત્યારે થયલી કહેવાય કે જ્યારે તેઓ પોતાનું આમંત્રણ આખો દુન્યાને કરવા બહાર પડે. "શાહ પરતક" નો અર્થ હાજર ઇમામ સિવાય બીજો કાંઈ ઉપલા ગીનાનના પાઠમાં થતો નથી. તેથી " હાજર ઇમામ કે તેનો ઈશારો ગીનાનમાં છેજ નહિ" એવું મી૦ કાબાનું કહેવું તદન નીર્થક છે. ઈમામ ઇસલામશાહને હઝરત અલીથી દસમી પહેડીમાં ઉપલા ગીનાનના

પાઠમાં જણાવવામાં આવેલ નથી, એ સંબંધિ ઉપર ખુલાસો કરવામાં આવેલ છે. ખોજાઓનો અસલ ધર્મ ઈસ્માઈલી નહિ પણ હીંદુ હતો, જે શકિત માર્ગ તથા વિષ્ણુને લગતો પંથ હતો. શકિત માર્ગીઓને સમજ પડે તે માટે નકલંકી શબ્દ ઈસિમાઈલી પીરોએ ગીનાનમાં વાપરેલ છે. પાત્ર એટલે વેશધારી યાને ખુદાઈ નુર ધરાવનાર અથવા ઈમામ નકલંકી પાત્રનો અર્થ હાજર ઈમામજ થાય છે, તે નીચલા ગીનાનના પાઠો ઉપરથી સમજ પડશે.

યા શાહજી નર નકલંકી તખતે બેઠા,
તેને દસોંદજ આલોજી.

× × × × ×

પ્રત્યક્ષ પાત્રને પરખીને,
પ્રેમે પુજીને પાઓ;

ચઉદ ભવનનો એ ધણી,

પ્રગટ છે જુગ માંહે.

ઈસમાઈલી પીરોને હીંદુઓ સાથે કામ લેવાનું હતું તથા હીંદુ ભાશાના શબ્દો વાપરયા સીવાય છુટકોજ ન હતો. ઈસ્નાશરી લોકો હઝરત અલીના વંશજોને અલી તરીકેની ઉપમા આપતા નથી અને હઝરત અલીને તથા તેના વંશજોને નકલંકી અવતાર સમજતા નથી, તેથી હાજર ઈમામની માન્યતા તેઓમાં હસ્તી ધરાવતી નથી. કારણકે તેમનો ૧૨ મો ઇમામ ઈસલામશાહના વખત અગાઉ ગયબ થએલ છે. તેઓ પહેલા ઈમામને સાહેબલ અમ્ર ગણે છે અને તેની પછીનાને મુતોઉલ-અમ્ર સમજે છે. જયારે ઈસમાઇલીઓ બધા ઇમામો પછી તે પ્રસિધ્ધ હો યા અપ્રસિધ્ધ પણ સાહેબલ-

અગ્ર સમજે છે.

પશ્ચિમ દેશને અરબીમાં મગરેબનો મુલક કહેવામાં આવે છે. એરાક ખંડ મગરેબમા આવેલ છે. એરાક ખંડમાં ઈમામ ઈસલામશાહ વસવાટ કરીને રહ્યા હતા, એવું નીચલા ગીનાન પરથી માલમ પડેછે.

ધા શાહજી

સીતેર દીપ એરાક ખંડ માંહે,
થરસર વાધાયું અલી અવતરીયાજી;
અલીકો નામ નીરીંજન ભણીએ.
શ્રી ઈસલામ શાહ જુગ પરવરીયા-હરી૦

શ્રી ઈસલામશાહ ઇસ્માઇલી ઈમામ હતા એવી ગીનાન શાસ્ત્રની દલીલ ન માંગતા તવારોખી દલીલની માંગણી કરવામાં આવી છે, તે બારામાં નીચલા પુસ્તકો પુરાવો પુરો પાડે છે.

ખોજા વૃતાંત પાનું ૧૯૧

" ઇમામ ઇસલામશાહને ઇસમાઈલી પંથ છુપો રાખવો પડયો હતો, એમ જ્ઞાનોની વાતોથી સમજાય છે. પીર સદરદ્દીનના વખતમાં ઈમામ ઈસલામશાહ ઈરાનના કેક નામના ગામમાં રહેતો હતો, એમ બીજા જ્ઞાનોમાંથી નીકળે છે, તે ખરૂં લાગે છે. "

ઊપલા પુસ્તકના કર્તા મીં૦ સચેદ્દીના નાનજીયાણીના બોલે બોલને મીં૦ કાબઃ મલતા થશે.

શ્રી કચ્છ ખાતેના કેળવણીખાતાના ઈન્સપેક્ટર મીં૦ દલપતરામ પ્રાણજીવન ખખરે કચ્છ પ્રાંતનો જે એહવાલ લખ્યો છે, તે સરકારી સરવેયર અને રીપોરટર મીં૦ જે૦ બરગસની દેખરેખ હેઠળ મુંબઇના ગવરનમેંટ સેન્ટ્રલ પ્રેસમાં ઇ. સ, ૧૮૭૯ માં અંગ્રેજીમાં

છપાયલો છે. તે પુસ્તકને પાને ૫૯ માં ખોજાઓના પીર ગુલમાલી શાહની હકીકત આપવામાં આવી છે તેમાં નીચલા વાકયોનો તરજુમો અત્રે ટાંકવો અગત્યનો થઇ પડશે.

" તે પીર પીર સદરદીનની સીધી નસલથી ઊતરી આવેલા હોય એમ જણાય છે. જેઓ ૪૭૦ ઊપરે હીઝ હાઇનેસ નામદાર આગાખાનના વડવા ઇસલામશાહ તરફથી દાઈ અથવા મીશનરી તરીકે ખુરાસાનથી મુલતાન આવ્યા હતા અને પંજાબ તથા સીંધના લોહાણા અને ભાટીઆઓને શીઆ ઈમામી ઈસમાઈલી નામના મુસલમાની પંથમાં વટલાવ્યા હતા."

જયારે પીર સદરદીન ઈમામ ઈસલામ શાહની વતી દાઇ હતા અને ઈસમાઈલી મઝહબ દેખાડયો હતો, ત્યારે શ્રી ઈસલામ શાહ ઈસમાઈલી ઈમામ ન હતા, તો કોણ? અગર એ બાબત જુઠી ઠરાવવાની મી૦ કાબા કોશેશ કરવા માંગતા હોય તો તેઓ-

એ એવો પુરાવો રજુ કરવો જોઇએ કે શ્રી ઇસ્લામશાહ ઇસ્નાશરી ઇમામ હતા. એ માટે તેમની પાસે કોઇ તવારીખી દલીલ છે કે? ખોજા ગીનાન શાસ્ત્રની દલીલ તો હરગેજ નહિ. કારણકે ત્રીજા સંવાદમાં તેનો પુરાવો મોજુદ છે કે પીર સદરદીને ચોખ્ખે ચોખ્ખું અને સાફ સાફ કહી દીધું છે કે શ્રી ઇસ્લામ શાહ ઇસ્નાશરી ઇમામ હતા કે ઇસમાઇલી?

ૐ

સંવાદ ૩ જો.

ઈમામ ઇસલામશાહ કોણ હતા? ઈસમાઇલી કે ઈસનાશરી.

ગીનાનનો પાઠ.

આવોરે મારા મુનીવરો ભાઈડારે હાજી
તેની જાત ઈસમાઈલ ને ગોત્ર નકલંકી
એ છે વીશનુ શાહો નીઝારીઆ.

સારઃ—પીર સદરદીને ઈમામ ઈસલામ શાહ માટે ઇશારો કરી જણાવેલ છે કે તેની નસલ ઈસમાઇલથી છે અને નકલંકી માલા મુરતઝા અલીથી તેઓ ઉતરી આવેલા છે.

એ સ્વર્ગના ધણીનું નુર શાહ નીઝારમાંથી આવેલ છે. ઇશનાસરી મઝહબ ઈમામ ઇસમાઇલ તથા ઈમામ નીઝારના વંશજોને ઇમામ તરીકે કબુલ રાખતું નથી.

મી૦ કાબાનો જવાબ.

"ત્રીજી દલીલમાં જે ગીનાનનો પાઠ આપવામાં આવ્યો છે, તેમાં પણ ખોજાનો અસલ ધર્મ ઇસમાઈલી કે તેની નેમ જણાતો નથી. વિષ્ણુ શાહ નીઝારમાં વિષ્ણુ શબ્દ ઇસલામી શાસ્ત્રમાં નથી. તેમ વિષ્ણુની માન્યતા પણ તેમાં નથી. સૌ કોઇ જાણે છે કે વિષ્ણુની માન્યતા હીંદુઓમાંછે. "વૈષ્ણવ સંપ્રદાય" બહુજ મોટો સંપ્રદાય છે. પીર સદરદીનના સમયમાં શાહની જે પુઠીઓ આપવામાં આવી છે, તેમાં શાહ નીઝાર કોઇ હતાજ નહિ. તે નામતો

મીસરના ફાતમી ખલીફ મુસ્તનસીર બીલ્લાહ પછી આવે છે, જેને લગભગ ૪૦૦ વર્ષ જેટલો અંતર છે. વૈષ્ણવ હીંદુ ધર્મ છે. તેમાં જાત ઈસમાઈલી હોય નહિ. મતલબ કે આ દલીલથી પણ ખોજાનો અસલ ધર્મ ઇસમાઇલી સિધ્ધ થતો નથી."

ખરો ખુલાસો.

મી૦ કાબા ઉપલી હકીકત લખતી વખતે કોઇ નીશામાં પડયા હશે. નહિ તો પોતાને વિદ્વાન વર્ગ આગળ હલકુ પડાવવા આમ ગોળ ગોળ લખતે નહિ. પીર સદરદીન એમ કહે છે ઇમામ જાતે ઇસ્માઇલી છે. ગોત્ર નકલંકી શબ્દો હીંદુ ધર્મના છે અને તેથી હીંદુ ધર્મમાં ઈસ્માઇલી જાત હોઇ શકે નહિ, એમ મી૦ કાબા સમજ્યા છે. વાહ! રે વાહ ! મી૦ કાબા, તમોએ પણ ઠીક રંગ જમાવ્યો છે. "ગોત્ર નકલંકી" હીંદુ

ધર્મના શબ્દો ભલે હોય તો શું તેની સાથે ગીનાનના પાઠને કાંઇ પણ લાગતું વળગતું નથી. એ શબ્દો કછ ભાશાના છે અને તેનો અર્થ શું થાય છે, તે તપાસવું જોઇએ. દાખલા તરીકે હું કહીશ કે હે ભગવાન, હે પરમેશ્વર, અરે ખુદા, અરે અલ્લાહ, એમાં કાંઈ પણ ફૂરક નથી.પીર સદરદીન આપણને ઓળખાણ આપતાં જણાવે છે કે ગોત્ર નકલંકી એટલે કુળે અથવા ખાનદાને મઉલા અલી છે એટલે કે હઝરત અલીથી સીધી નસલે વંશપરમપરા ઉતરી આવેલા છે. એક શબ્દના અર્થ અનેક થાય છે. પણ ગીનાનના પાઠ માં જે અર્થ લાગુ પડતો હોય, તેજ ખરો કહેવાય. ગીનાનના બીજા પાઠ વડે તે અર્થને ટેકો મળવો જોઇએ. કોઇ પણ પોતાના મન વડે ગમે તે અર્થ કરી મેલે તે ચાલી શકે નહિ. વીશનું અંગ્રેજીમાં " *Vishnu* "

લખાય છે, તે નામ પરમેશ્વરનું છે. અહિંઆ ખુલ્લું થઇ જાય છે કે નકલંકી મૌલા અલી પોતે વીશનું છે અને એ ખુદાઈ નુર મૌલા અલીમાં જે નુર હતું, તે મૌલાના ઈસમાઇલ માં નાઝીલ થયું અને સીલસીલાબંધ આવતાં મૌલાના નીઝારમાં દાખલ થયું. ઇમામનો અર્થ ખુદાઇ નુર થાય છે, ઈમામ એટલે ખાકી શરીર નહિ. અલબતા એ કોણુ ના પાડે છે કે મઉલાના નીઝાર મુસ્તનસીર બીલ્લાહના વડા ફરજંદ ન થતા હતા? પીર સદરદીનની મતલબ કહેવાની એમ છે અને તે તદન ખુલ્લી છે કે ઈમામ ઇસલામશાહ મઉલાના નીઝારના વંશમાંથી, મઉલાના ઇસમાઈલના વંશમાંથી, મઉલા અલીના વંશમાંથી છે. એટલે કે ઈમામ ઈસલામશાહ નીઝારીયા છે, મુસ્તઅલીયા નથી. ઈમામ મુસ્તનસીર બીલ્લાહના બે ફરજંદ હતા,

જેમાંના મોટાનું નામ નીઝાર હતું, અને નાનાનું નામ મુસ્તઅલી હતું. બંન્નેની મા જુદી હતી. નીઝારને પહેલાં મુસ્તનસીર બીલ્લાહે પોતાની હયાતી દરમ્યાન ગાદી વારસ ઠેરવ્યા હતા, પણ પાછળથી મુસ્તઅલીને તેમના મામા જેઓ સલ્તનતના સીપેહસાલાર હતા, તેમના દબાણથી મીસરની ખીલાફત મુસ્તઅલીને મલી પણ ખીલાફતને ઈમામતે સાથે કાંઇ સંબંધ નથી. હઝરત અલીને બદલે અબુબકરને ખીલાફત મલી. તેથી કાંઇ અબુબકર ઇમામ કહેવાયા નહિ, પણ ખલીફા ગણાયા. તેવીજ રીતે સલતનતની ગાદી કદાચ મુસ્તઅલીને મલી તો શું થયું ? અહિયા ઇસમાઇલીઓમાં બે ફાંટા પડયા હતા. તેથી પીર આપણને ચેતાવે છે કે ઇમામ ઇસલામશાહ નીઝારીયા ફીરકાને લગતા છે. તેવીજ રીતે ઇમામ ઇસલા-

મશાહની નસલ ઈસ્માઈલથી છે અને મુસ્સા કાઝીમથી નથી. તે માટે પીર આપણને ઢોકી વજાડીને કહે છે કે " તેની જાત ઈસમાઈલિ " છે યાને ઈમામ ઈસ્લામશાહ ઈમામ જાફર સાદીકના વડા ફરજંદ મઉલાના ઈસમાઈલિને હકદાર ઈમામ તરીકે સ્વીકારનાર ઈસમાઈલી ફીરકાને લગતા છે. આ ઉપરથી આરસી માફક સીદ્ધ થઈ શકે છે કે ઈમામ ઈસ્લામશાહ ઈસ્નાશરી હતાજ નહિ અને ઈશમાઈલી હતા. જ્યારે ઈમામ ઈસ્લામ શાહ ઈસમાઈલી હતા તો પછી ખોજાઓ ઈસમાઈલી ધર્મમાં વટળયા હતા, એવું સાબીત થાય છે.

સંવાદ ૪ થો.

ઇમામ ઈસલામશાહથી શફાઅતની ઉમેદ શા માટે?

ગીનાનનો પાઠ.

એ જીઓ નકલંકી પરતક આયો,
રહેમ તું યારા લારીશું ગુરે;
એ જીઓ મંજીઓ મું શાહ નીઝાર,
શફાઅત યારા કઈઉ ગુરે.
એ જીઓ રાજા રાજા શ્રી ઈસલામશાહ,
શાહ તું થઈ જુગેજા મેળા કરીએ.

સાર—રહેમત તથા શફાઅતની ઉમેદ પરતક યાને હાજર નકલંકી એટલે કે ઇમામ

પાસેથી રાખવામાં આવે છે. તે ઇસ્નાશરી મઝહબ માનવાથી સાફ ના પાડે છે. ચાર જુગની ખલકતને તારનાર ફકત એકજ નુર છે. જે ઈમામ ઈસલામશાહમાં વ્યાપી રહયું છે, એ બાબત ઇસ્નાશરી મઝહબથી ઉલટી છે.

મી૦ કાબાનો જવાબઃ—

" ચોથા ગીનાનના પાઠમાં પણ એવું કાંઇ નથી કે જે ખોજાનો અસલ ધર્મ કિયો તે જણાવી શકે. તેનો કરવામાં આવેલો અર્થ પણ બરાબર નથી. " હાજર નકલંકી " એટલે " ઈમામ " એ કયા શબ્દનો અર્થ કરવામાં આવ્યો છે? ચાર જુગની ખલકતને તારનાર ખુદાઈ નુર છે, તેમાં ઈસમાઈલી દલીલ તે કઈ આવે છે? સઘળી ખલકત પછી તેની સંખ્યા ગમે તેટલી હોય પણ

તેને તારનાર તો ખુદાજ હોઇ શકે છે. વળી પીર સદરદીન શ્રી ઇસલામશાહના સમયમાં હતા. તે શાહ નીઝારને યાદ કરે છે. પણ અમો ઉપર જણાવી ગયા તેમ શાહ નીઝાર તેમના સમયમાં હતાજ નહિ. ખુદાઈ નુર શ્રી ઇસલામશાહમાં વ્યાપી રહયું છે, તેવો અર્થ કર્યો છે, પણ અમો સમજી શકતા નથી, કે તેનો તેવો અર્થ કેવી રીતે થઇ શકે છે? મતલબ કે આ દલીલ પણ ટકી શકતી નથી. ”

ખરો ખુલાસો.

જ્યારે મી૦ કાબાના ગોઠીયાઓ તરફથી મારા સવાલોના જવાબો આપવાની સજડ ઝબાણ થઇ હશે, ત્યારેજ જેમ તેમ થીગડા મારવાની તજવીજ તેઓએ કીધી છે, પણ તેમાં તેઓ નામોશીને પાત્ર ઠરે તો કાંઇ

અજબ થવા જેવું નથી. શું મી૦ કાબા જેવા એક બાહોશ લેખક અને વિદ્વાનને છાજે છે કે આવા લુલા અને ખોટા બચાવો ઉભા કરવા. હા, પણ, ભાઈ શું કરે? તાકાત વગરનો માણસ ઉભો થવા માટે કાંઇ પણ આશરો શોધે? પછી ગમે તેવો હોય, "હાજર નકલંકી" નો અર્થ "ઇમામ" કેવી રીતે થઈ શકે, તેની સમજ મી૦ કાબાને પડતી નથી. ગયા સંવાદમાં જણાવ્યા મુજબ ઇમામ એટલે ખુદાઇ નુર થાય છે. મી૦ કાબાએ પોતે હજરત અલી ખુદાઇ નુર ધરાવે છે તથા તારણ કરનાર છે, એવું સ્વીકારેલ છે. છતાં અત્રે તારણ કરનાર તરીકે ખુદાને કહે છે. હવે જો તારણ કરનાર બે નુરો જુદા જુદા હોય, તો બે ખુદા થયા જેવું કહેવાય. પણ ખુદા એક છે. તેનું નુર એક છે. જેમકે ચાંદ એકજ છે તો પણ બે

તેની સાંએ ૧૦૦ પાણીથી ભરેલા વાસણ મુકી દઇએ તો તેનો પડછાયો દરેક વાસણમાં પડશે. તેવીજ રીતે ચંદ્ર જેમ આખી દુન્યાને રોશની પુરી પાડે છે. તેમ ખુદા સર્વ વ્યાપક છે અને ખુદા દરેક માણસના દીલમાં વાસો કરી રહેલ છે, તે વાસણમાં ચંદ્રના પડછાયા જેમ છે. પણ જે પુરૂશમાં ખુદાઇ નુર ભરપુર વાસો કરી રહેલ છે, તે પોતાની અદભુત શકિત હોવાને લીધે અવતારી નર ગણાય છે અને જ્યારે હીંદુ ધર્મ તેવા મહાન નરો ધરાવવાને મગરૂરી માને છે, ત્યારે ઈસલામ શા માટે હજરત અલી જેવા અવતારી પુરૂષ ધરાવવાને ફખર ન કરે? નકલંકી નામ મઉલા અલીનું છે, એ વીશે સંવાદ પહેલામાં પુરતું બોલાઇ ચુકાયું છે. પહેલા ઈમામ હજરત અલી હતા. તેથી હજરત અલી ઈમામ અથવા

નકલંકી કહેવાય. નકલંકીનો અર્થ કલંક વગરનો થાય છે. ઈમામ કોઇ કલંકને પાત્ર નથી. તેથી તે નકલંકી કહેવાય છે. હજરત અલી જેમ પોતાના જમાનામાં હાજર ઇમામ હતા, તેમ તેમના વંશજો મઉલાના ઈમામ ઈસ્માઈલ તથા મઉલાના નીઝાર અને મઉલાના ઈસલામશાહ પણ પોત પોતાના વખતમાં હાજર ઇમામ હતા. પીર સદરદીનના સમયમાં શાહ નીઝાર હતા નહિ, એતો એક સામાન્ય ખોજો જાણે છે. પીર શદરદીનના શબ્દો શું છે? “ એજી મંજીઓ મું શાહ નીઝાર ” એટલે મીસરના પ્રાતમાઇત ખલીફ મુસ્તનશીર બીલ્લાહના વડા ફરજંદ શાહ નીઝારને માનનારો છું. તેઓ પોતાના જમાનાના ઈમામ તરીકે શાહા નીઝારને યાદ કરતા નથી, પણ શ્રી ઇસલામ શાહને યાદ કરે છે, “ એ જીઓ રાજા

શ્રી ઇસલામ શાહ, શાહ તું ચઇ જુગેજા મેલા કરીએ " એ ઉપલા ગીનાનના પાઠની છેલ્લી લીટીઓ છે. વલી પરતક શબ્દ ઉપલા ગીનાનના પાઠની પહેલીજ લીટીમાં છે, તે પણ ઈમામ ઈસલામ શાહને લાગુ પડે છે. પરતક એ પ્રત્યક્ષ શબ્દ છે. પ્રત્યક્ષનો અર્થ જાહેર થાય છે. તેથી પણ ગયબ ઇમામની માન્યતાને સખત ફટકો પડે છે. જો ઈમામ જાહેર હોય તો પછી ઈશ્નાશરી ઈમામોને માનનારો ધર્મ શ્રી ઇસલામ શાહે બતાવ્યો હતો, એ કહેવું હડહડતું જુઠાપણું છે. ખુદાઈ નુર ઈમામ ઈસલામ શાહમાં વ્યાપી રહયું છે, એ ફકત સાર કહાડેલો છે. કાંઇ ગીનાનનો અર્થ નથી. શફાઅતની ઉમેદ ઈમામ ઈસલામશાહ થી એટલા માટે રાખવામાં આવી છે કે તેઓ ખુદાઈનુર ધરાવે છે. ચારે જુગનો મેળાવડો કરનાર તરીકે ઇસલામશાહને ગીનાનના પાઠમાં

દરશાવેલ છે. તેથી એજ નુર અગાઉ ચારે જુગમાં જુદા જુદા રૂપે હતું, એમ સીધ્ધ થાય છે. હાલમાં શ્રી ઈસલામશાહની ઈમામતની ગાદી ઊપરે બીરાજનાર હાજર ઈમામ પાસેથી શફાઅતની ઉમેદ ઈસ્નાશરીઓ રાખતા હોય, એ બીલકુલ સંભવીત નથી. તેથી એ સીધ્ધાંત ફક્ત ઈસ્માઈલીયા અને નીઝારીયા મઝહબ સીવાય બીજો કોઈ સ્વીકારી શકે નહિ. માટે આ દલીલ ટકી શકતી નથી, એવું માત્ર લખવાથી કાંઈ ખોજાઓને સંતોષ મલવાનો નથી. તેમને સધ્ધારો મળેલો ત્યારેજ કહેવાય કે જ્યારે મજબુતો દલીલો તે માટે રજુ કરવામાં આવે.

સંવાદ ૫ મો

ઇમામ ઇસલામશાહની જન્મ ભુમી.

ગીનાનનો પાઠ:-

એજી આલમોતગઢ પાટણ દેલમદેશજી
તીયાં અવતર્યો શાહા માનખા વેશજી.

સાર:- આલમોતગઢ દેહલમ દેશમાં જન્મ પામેલા ઇમામોને અવતારીક પુરૂશો તરીકે સમજવામાં આવ્યા છે જે ઇશનાઅશરી મઝહબથી તદન ઉલટું છે.

મી૦ કાબાનો જવાબ:-

" પાંચમી દલીલમાં જે ગીનાનનો પાઠ આપવામાં આવ્યો છે, તેમાં પણ ખોજાને અસલ ધર્મ ઇસ્માઇલી નીકળી શકતો નથી. ખુદ

ઈસ્લામમાં ખુદા અવતાર લઈ શકે તેવી માન્યતા નથી તો પછી આલમોતગઢ તથા દેલમ દેશમાં ખુદાએ માનવ વેશધારણ કર્યો એમ કહી ઇસ્માઈલી દલીલ રજુ કરવી તેનો અર્થ શો ? પીર સદરદીનના સમયમાં આલમોતગઢ હતોજ નહિ. તેનો તો ઘાતકી હલાકુખાને નાશ કર્યો હતો. વળી આ સમય તથા પીર સદરદીનના સમયને સેંકડો વર્ષોનો અંતર છે."

ખરો ખુલાસો:-

જો કે અલમુતગઢ તાતારી લોકોએ ઇસ્માઇલીઓ પાસેથી લઈ લીધો, છતાં તેઓનાં કીલ્લાઓનોજ ફક્ત નાશ કીધો હતો. આલમોતગઢની આસપાસનો કેટલોક ભાગ રહી જવા પામ્યો હતો, એવું નીચલી તવારીખી દલીલ પરથી માલમ પડે છે.

Macdonell Kinneir sixty years ago in his Topografical History of

Persia speak of a remnant of Esmailies known as " Hooseinees " who were then found near the ruinds of Alamut. They regarded as their Imam the father of the Agakhan"
(Page 29 An account of the Khojas by late Right Hon, Sir H. Bartli E. Frere the Governor of Bombay.)

મુંબઈના માજી ગવરનર ઓ. સર. એમ. બારટલી ઇ. ફ્રીયર ખોજાઓના એહુવાલના અંગ્રેજી પુસ્તકના પાને ૨૯ લખતાં જણાવે છે કે "મેકડોનલ્ડ કીનર ૬૦ વરસ ઉપર પોતાની ઈરાનની ટોપો ગ્રાફીકલ તવારીખમાં લખે છે કે " હુસેની " નામના લોકો આલમોતના નાશ પામેલી જગા તરફે તે વખતે દેખાતા હતા, જેઓ નામદાર આગાખાનના

પીતાશ્રીને પોતાના ઈમામ તરીકે માનતા હતા. પીર દરદીન આલમોતગઢમાં ઈમામનુ જન્મ થયાનું જણાવતા નથી. પણ આલમોતગઢ પાટણ દેલમ દેશમાં જણાવે છે તેઓ પોતે ત્યાંથીજ આવવાનું કહે છે.

પાઠ

એજી આલમોતગઢ પાટણ દેલમદેશજી
તીયાંથી સતગુર સોહદેવ સધારીયાજી.
(ગીનાન ૧૦૦ ભાગ ૨ જો પા૦૫)

સતગૂર સોહિાદેવ એ પીર સદરદીને ધારણ કરેલાં હીંદુ નામોમાંનું એક છે. દેલમદેશ પ્રાંતની અંદર આવેલી કેકનગરીમાં ઇમામઈસલામ શાહના પીતા શ્રી નર કાસમશાહ રહેતા હતાં, જે નીચલા ગીનાનનાં પાઠ ઉપરથી માલેમ પડે છે. પામેલો એક ભાગ હતો. પીર સદરદીન

પાઠ

માથા પથ્થર માહે શું હણોરે હીંદુઓ
ઓળખો નર કાસમશાહ અવતાર
કેક નગરીમાંહે જે રહેરે
હીંદુઓ તે સાહેબ વર દાતાર.
(ગરબી ૨૮મી પીર શમ્શની)

નર કાસમશાહ ઇમામની ઓલાદના હતા, તેનો પુરાવો ગીનાનનો નીચે મુજબછે.

પાઠ

માનો કાશમશાહ નુરનેરે ગાફેલો
આલ ઇમામ કળી માંહે. ૭
(ગરબી ૧૪ મી પીર શમ્શની.)

આલમોતગઢ ઇરાનની સરહદ ઉપરે છે. ઇરાનની ઉતરે આઝર બાયજાનનું પ્રગણું છે, જેમાંના તબરેજ મુલકમાં નર કાસમશાહ

ના પીતાશ્રી ઈમામ શમસુદીન મહમદ રહેતા હતા. દેલમ પ્રાંતની નજીક આઝર બાયજાનનું પ્રગણું આવેલું છે, જેની નજીક એરાક ખંડ છે. તેમાં કેક નગરી આવેલી છે. તેથી માત્ર આલમોતગઢને બી૦ કાબાનું પકડી બેસવું, બેહુદુ છે. અદભુત શકિત ધરાવે, તેજ અવતારીક પુરૂષ ગણાવો જોઇએ. ઈમામ સિવાય બીજા કોઇ પણ અવતારીક પુરૂષ તરીકે ગણાવવાને લાયક નથી કારણકે કોરાને શરીફમાં ફરમાવેલ છે કેઃ—

આયત.

" કુલ્લો શયઈન અહુસયનાહુ ફી ઈમામીન મુબીન".

અર્થઃ—સઘળી ચીજો દેખતાં ઈમામ ને સપુર્દ કરવામાં આવી છે.

ઈમામને અદ્દભુત શકિત જ્યારે બખ-શીશ થયેલ છે, તો પછી ઈમામને અવતા-રીક પુરૂષ તરીકે સમજવામાં કાંય નહિ આવે? કારણકે જ્યાં સુધી જે શખ્શ અવ-તારીક પુરૂષ નહિ હોય, ત્યાં સુધી અદ્દભુત શકિત ધરાવી શકતો નથી. અવતારીક પુરૂષ જેમ જાહેર છે અને તેને લોકો પોતાની જાહેર આંખો વડે જોઈ શકે છે, તેમ ઈમા-મને પણ જોઈ શકે છે. તેથી ગયબ ઈમામ કદી પણ અવતારીક પુરૂષ બની શકતો નથી. માટે જે અવતારીક પુરૂષો આલમોગઢ પાટણ દેલમ દેશમાં થઈ ગયા છે, તે પીર શમ્શના વખતમાં ઈમામ કાસમશાહ અને પીર સાદરદીનના વખતમાં ઈમામ ઈસ્લામશાહ હતા અને તેમને ઈમામો તરીકે માનવાની ઈસ્નાશરી મઝહબ ના પાડે છે. કારણ કે તેઓ તો ઈમામ ઈસમાઈલ અને નીઝારના

વંશજો હતા. તેથી ખોજાઓનો મઝહબ ઈસ્નાશરી ઠરી શકતો નથી અને તેઓ શીઆ ઈમામી ઈસ્માઇલી મઝહબમાં વટળાયા હતા, એવું સાબેત થઇ શકે છે.

સંવાદ ૬ ઠો.

કાયમજી તે કોણ?

પાઠ.

એજી સ્વામી રાજો આવે,
જંગી ઢોલ વજડાવે;
ચઉ દીસે ચાંદુડા ભલે હુઆરે,

હો પ્રાણીયા, કાયમજીને આરાધો.
અલખ પુરખને મ વીસારો,
આદમ પુરખને સંભારો;
હો પ્રાણીયા. કાયમજીને આરાધો.

સારઃ—ઈમામની નસલ કાયમ છે, એવું અહીં દેખાડવામાં આવ્યું છે, જે ઇસ્નાશરી મઝહબથી વિરૂદ્ધ છે.

મી૦ કાબાનો જવાબઃ—

" છઠ્ઠી દલીલમાં જે ગીનાનનો પાઠ આપવામાં આવ્યો છે તેમાં ઈમામની નસલ કાયમ છે, તેવું કયાંઈ પણ દેખાડવામાં આવ્યું નથી. સઘળો પાઠ કાયમ અને દાયમ એવો જે ખુદા તેની બંદગી કરવાને લગતા વિચારનો છે. મતલબ કે આ દલીલ પણ ટકી શકતી નથી."

ખરો ખુલાસો.

ખુદા કાયમ અને દાયમ એવું કોણ ના કહે છે. દાયમનો સવાલ ઉપલા પાઠમાં છેજ નહિ. દાયમ એટલે હમેશાં. કાયમનોજ માત્ર સવાલ છે. કાયમ એટલે જારી. ખુદા કાયમ છે, તેનો અર્થ ખુદાનું નુર કયામત સુધિ જલવાગર છે, એમ કાંય નહિ કહી શકાય? ગીનાનના પાઠમાં ખુદા શબ્દ છેજ નહિ. અલખ પુરૂખ, સાહેબ પુરખ, સ્વામી સ્વામી રાજા એ શબ્દો બધા હાજર ઇમામને લાગુ પાડવામાં આવ્યા છે, કારણ કે તે શબ્દો બીજા ગીનાનોમાં અનેક ઠેકાણે હાજર ઇમામ માટે વાપરવામાં આવેલ જણાશે, જે સ્થળ સંકોચને લીધે અત્રે આપી શકાયા નથી. અલખ પુરખ, સાહેબ પુરખ, સ્વામી રાજા, એ શબ્દો, આપણે એમ ધારીએ કે

સામાન્ય રીતે આદ નીરંજનને લાગુ પાડવા-માં આવે, તો પણ જે શખ્શ આદ નીરંજનનો અવતાર હોય તેમને પણ લાગુ પડી શકે છે. કારણ કે અવતાર એ મઝહરે-સીફાતે ખુદા છે. સીફાત એટલે ગુણો. મઝહર એટલે પ્રગટ થવું તે તેથી સઘળા ઇશ્વરી ગુણો અવતારીક પુરૂષ ધરાવે છે.

પીર ઇમામશાહ મોમન ચેતામણીમાં કહે કેઃ–

પાઠ.

એજી અમે તો તેને સહી કરી માનીઓ,
તે છે આદ નીરીજનનો અવતાર;
આ નુરના પગલા અમે નીરખીઆ,
શ્રી ઇસલામશાહ છે તે અલ્લાહનું અવતાર.
(પા. ૫૮૮)

વળી અગાઉના ગીનાનના પાઠ "સ્વામી રાજા" સાથે સંબંધ ધરાવતી બીજી લીટીઓ

" ચઉદીસે ચાંદુડા ભલે હુઆ " એ ઉપરથી સીદ્ધ થઇ શકે છે કે સ્વામી રાજાની મતલબ હાજર ઈમામજ છે. કારણકે જો સ્વામી રાજા ખુદા તરીકે ગણીએ તો દુન્યા પેદા થઈ, ત્યારથી તે રોશન છે, એટલે પીરને " ચાંદુડા ભલે હુવા " એ કહેવાની જરૂર શી? " ચાંદુડા ભલે હુવા " એટલે રોશની પ્રગટ થઈ. કઇ રોશની! નુરે વહાદીનીયતની રોશની, મઝહુરે-ઝાતે-ખુદા તરીકે પ્રગટ થઇ. હવે " કાયમજીને આરાધો " એનો અર્થ સ્પષ્ટ થઇ શકે છે, અગર ઈમામની નસલ કાયમ નહિ હોય તો પછી ખુદાનું નુર કયામત સુધી જારી કેમ રહી શકે? પયગમબરોના વખતમાં એ નુર છુપું હતું, તે આખર જમાનાના નબી મહમદના વખતમાં જાહેર થયું છે. હઝરતઅલી નુરે-ખુદા છે, એમાં તો કાંઇ શક નથી. એ નુર

હુઝરતઅલીના વંશમાં સીલસીલાબંધ ચાલ્યું આવ્યું છે, તે આજદીન સુધી રહેવા પામ્યું છે અને કયામત તલક રહેનાર છે. વળી ઇસમાઇલી ખોજા પોતાના જમાતખાનામાં દાખલ થતી વખતે "હય ઝીન્દાહુ" બોલે છે, ત્યારે જવાબમાં હાજર રહેલાઓ તેને "કાયમ પાયા" નો જવાબ આપેછે. "લા ઈલાહુ ઈલ્લાહો હુય્યુલ કય્યુમ" પરથી ઉપજાવી કહાડવામાં આવેલ છે અને તેમાં પણ ઈમામ હયાત અને કાયમ છે. તે ખુદા સીવાય બીજો કોઈ ખુદા નથી કે જે હયાત અને ;કાયમ છે. એટલે કે ખુદાનું નુર જાવેદાન અને જાગતું છે. ખુદાઈ નુરનો ચેરાગ કદીપણ બુજાઈ જવાનો નથી. અગર તેમ થાય તો પછી ઈમામની નસલ ,કતાઅ થઈ જાય. ઇમામતની બાબતનો વીસ્તાર એટલો મોટો છે કે તેનું વિવેચન કરવા

બેસીએ તો આખુ પુસ્તક થઇ જાય. માટે તે સંબંધી "ઇસમાઇલી ભોમીઓ" વાંચવાથી "ઇમામની નસલ કાયમ છે" તેના પુરાવાઓ અનેક તેમાંથી મળી શકશે. સવાલ ફક્ત "કાયમજી" નો છે. કાયમજી એટલે હાજર ઇમામ થઇ શકે છે કે નહિ. કાયમનો અર્થ નીચલા ફારસી બયત ઉપર થી વધુ ખુલાસાવાર સમજ પડશે.

મશનવી મઉલાના રૂમીએ કહયું છે કેઃ-

પસ બહર દવરી વલી કાયમ અસ્ત,
આઝમાયશ તા કયામત કાયમ અસ્ત.

અર્થ-"પછી દરેક જમાનામાં એક વલી મુકરર થાય છે. કારણકે ઇનસાનની પરિક્ષા કયામત સુધી જાવેદાન છે." સાતમા ગીનાન-ના પાઠમાં "કાયમ" શબ્દ પણ આવે છે, તે હાજર જોમાને લાગુ પાડવામાં આવ્યોછે. અગર હાજર જોમાનો અર્થ હાજર ઇમામ

થતો હોય તો પછી કાયમજી એટલે કાયમ સ્વામી હાજર ઇમામ ઠરી ચુકા.

સંવાદ ૭ મો.

હાજર જોમું એટલે શું ?

પાઠ.

જીરેવાલા એહુ ગીનાન મહારસ,
પીર ભણાવે સદરદીન,
મારા મોમનભાઈ તમે અમીરસ પીવાને
આવોજી
જીરે વહાલા હાજર જોમાને પાએ લાગીએ
વધાવો તે કાયમ સ્વામી...

સારઃ- આ ઠેકાણે ઇમામને કાયમ ગણુવા ઉપરાંત તેને હાઝર જોનો કહેવામાં આવે છે, એટલે મઉલા મુરતઝા અલીનું નુર હયાત અને કાયમ છે, એ બાબત કબુલ કરવા ઇસ્નાશરી મઝહબ આનાકાની કરે છે.

મી૦ કાબાનો જવાબઃ-

સાતમી દલીલ ઉપર બહુ ભાર મુકવામાં આવ્યો છે. ઘટપાટની ક્રીયા વખતે બોલતા ગીનાનનો તે પાઠ છે. કારણ કે તેમાં અમીરસ પીવાને બોલાવવામાં આવેલ છે, જેમાં હાજર જોમા શબ્દનો અર્થ ઇમામ થઇ શકે નહિ હાજર ઇમામને પાય પડવું, પણ તે હાજર ઈમામ કોણ તે દર્શાવેલ નથી. વળી હાજર ઈમામની માન્યતા ઇસ્નાશરીઓમાં પણ છે. તેથી આવી દલીલથી ખોજાનો અસલ ધર્મ ઇસમાઈલી સિદ્ધ થઈ શકે નહિ.

ખરો ખુલાસો.

હાજર જોમાનો ભાવાર્થ શું થાય છે, તેની તપાસ લઈશું. ઈસ્માઈલી ખોજાઓ જે દુઆ ત્રણ વખતની પઢે છે, તેમાં હાજર ઈમામના નામ આગળ "ઈમામ હાદિયુલ મહેદી સાહેબુલ અમ્ર હાજર જોમેજો ધણી" બોલે છે, એનો અર્થ એમ થાય છે કે ઈમામ કે જે હાદી અને મહેદી અમ્ર યાને હુકમનો સાહેબ યાને માલેક, અને હાજર જોમાનો ધણી છે. હવે હાજર જોમાનો ધણી એટલે શું "હાજર જોમેજો ધણી" એમાંના બધા શબ્દો સીંધી ભાશાના: છે. જ્યારે એક ઈમામ પોતામાંનું ખુદાઈ નુર બીજા ઈમામને સોંપે છે, ત્યારે "જોમો સીપારચો" કહેવાય છે. જેવી રીતે કરબલાની જંગ વેળા આખેર વખતે લડાઈના મેદાનમાં જવા અગાઉ હજ-

રત ઈમામ હુસેને જોમો સીપારચો, ત્યારથી ઝયનુલાબેદીન ઈમામ ગણાયા. જોમો સીપા-રચો એટલે ઈમામતની મસનદ સોંપવી. ત્યારે "હાજર જોમેજો ધણી" યાને હયાત ઈમામ-તની મસનદ ધરાવનાર એવો અર્થ નીકળી શકે છે. તેથી હાજર જોમાનો અર્થ હાજર ઈમામ થઈ શકે. હાજર જોમાનો અર્થ સ્પષ્ઠ સમજાવવા નીચલા પાઠ રજુ કરશું.

પીર ઈમામશાહ્ના મોમન ચેતામણીમાં કહે છે કેઃ—

પાઠ ૫૯૦

અજી પાછમ દેશને એરાકખંડમાંહે,
તે નરજી બેઠા ત્યાંએ,
એ નરે તે ધર્યો ગુપ્ત અવતાર;
હાજર જોમુ એ ઘરમાંહે જેટલો,

તેને સહી કરી માનવું અલીશાહનું
અવતાર.

અર્થ:- હાજરજોમો યાને ઇમામતની મસનદ ધરાવનાર છે. અલીશાહ યાને નકલંકી મકેલા અલીનો અવતાર છે, એમ સીદક દીલથી કબુલ કરવું. એ નરે ગુપ્ત અવતાર ધરી પોતાનું ઠામ મગરેબ મુલકમાં આવેલા એરાકખંડમાં કરેલ છે.

પીર શમશ કહે છે કે:-

સરેવો કાશમશાહ નર નામનેરે લોલ,
તો પામશો તે વઈકુંઠ ઠામનેરે લોલ.

(ગરબી ૧૨ પાઠ ૧૩-૧૪)

તેનું હાજર જોમો કહીએ નામ,
કે શાહ નીઝારીયારે લોલ.

(ગરબી ૪ પાઠ ૧૪)

અર્થ:—કાસમશાહ નરના નામથી ઓળખાતા શખ્શની સેવા કરશો તો તમને સ્વર્ગ મળશે. તેને હાઝર જોમો પણ કહેવામાં આવેલ છે કારણ કે તેઓ શાહ નીઝારથી ઉતરી આવેલા છે.

પીર શમ્સના વખતમાં હાજર જોમો જેવી રીતે કાસમશાહ હતા તેવીજ રીતે પીર સદરદીનના વખતમાં ઇસલામશાહ હતા તે પછી જે જે નર ઇમામતની મસનદઉપરે બીરાજી ગયા છે, બધા હાજર જોમો કહેવાઈ ગયા, હાલમા નામદાર આગાખાન સર સુલતાન મહમદ શાહ છે. માટે ટુંકામાં કહીએ તો હાજર જોમાનો ભાવાર્થ હાજર ઇમામજ થાયછે,

મી૦ કાબા લખે છે કે હાજર જોમાનુ નામ પાઠમાં નથી. તો બીજા અનેક પાઠો તેવા છે. તેમાંનો એક ઉપર રજુ કરેલ છે,

જેમાં કાસમશાહનું નામ છે. હવે કાસમશાહને તથા તેના વંશજોને હાજર જોઓ તરીકે સ્વીકારવા ઇસ્નાશરીઓ કદી પણ તઇયાર થાય નહિ. તેમ કાસમશાહ ઇમામ નીઝાર તથા ઇમામ ઇસમાઇલના વંશમાંથી છે. જ્યારે ઇસ્નાશરીઓ મઉલાના નીઝાર તથા મઉલાના ઇસ્માઇલને ઇમામ તરીકે માનતા નથી, તો કાસમશાહને તે વખતના ઇમામ તરીકે કેમ કબુલ રાખી શકે? જેવી રીતે હદીસોમાં એક હદીસમાં પુરેપુરી મતલબ ન મળી શકતી હોય તો તે માટે બીજી હદીસ ટેકામાં રજુ થાય છે. તેવીજ રીતે એક ગીનાનના પાઠમાં અગર મતલબ અધુરી હોય તો તેને પુરી કરવા માટે બીજા ગીનાનના પાઠો મોજુદ છે. મને લાગે છે કે મી૦ કાબાનો અભ્યાસ અધુરો છે. નહિતો આમ તેમ ગીનાનના

પાઠોનાં બારામાં તેઓ ગોથા ખાતે નહિ. ઇસ્નાશરીઓ હાજર ઈમામને માને છે, તેની દલીલો મીં૦ કાબાએ શા માટે રજુ કીધી નથી? જે વખતમાં ઈમામ ઈસલામશાહ થઇ ગયા છે, તે વખતમાં ઇસ્નાશરીઓનો હાજર ઈમામ કોણ હતો, તે મીં૦ કાબા જણાવતે, તો બહેતર થતે. ગયબ ઇમામ કદી પણ હાજર ઈમામ થઈ શકતો નથી.

સંવાદ ૮ મો.

" જાગતી જોતની સેવા "

પાઠ.

સતગુર કહેરે સુની પુજા શું કરો,
અને જાગતી જોતને માન;

પ્રીત ન પાવે જયાં લગી,
તો જીવ પડયા ચારે ખાણ.

સારઃ-જાગતી જોત સિવાય બીજાની સેવા કરવા માટે પીર સદરદીન સાફ ના પાડે છે. જાગતી જોતનો અર્થ એમ થાય છે કે ઇમામ ગયબ નથી, પણ હાજર અને નાજર છે એ વાત ઇસ્નાશરી મઝહબ માન્ય રાખી શકે નહિં.

મી૦ કાબાનો જવાબઃ-

આઠમી દલીલમાં જે પાઠ આપવામાં આવ્યો છે, તેમાં " જાગતી જોત " શબ્દ ઉપર લેખકે ભાર આપ્યો છે. જાગતી જોત નો અર્થ હાજર ઇમામ કરવો બરાબર નથી. તેનો અર્થ તો શીર્કવાળી માન્યતા તજી દઇ ખરી વાહદાનીયતને માનવા સુચવવામાં આવ્યું છે.

ખરો ખુલાસો.

મી૦ કાબા હવે પોતાના મનથી ગમે તેવો અર્થ કહાડવા લાગ્યા છે. માટે તેઓએ પોતાની એક જુદી ડીકશનરી બહાર પાડવી જોઇએ. જાગતી જોતનો અર્થ જીવતી જોત ખુલ્લે ખુલ્લો છે. સુની પુજા અને જાગતી જોત એ બંન્નેની સરખામણી કરી જોઇએ. સુની પુજા કોણુને સમજવો તે માટે નીચલો ગીનામનો પાઠ છે.

પાઠ.

સતગુર કહેરે,
અણુસઠ તીરથ મેં ઢુંઢકર દેખીયા,
અને કીયાં પાણી કીયાં પાણ;
વોહ ઉજડ ઘરકા પરોણુલા,
તે કયસા પાવે માનરે.

અર્થ:—સતગુરૂ કહે છે કે ૬૮ જાત્રાઓ મેં બધી જોઇ, તો કોઈ ઠેકાણે પાણી

દેખાય છે અને કોઈ ઠેકાણે પથ્થર દેખાયછે પણ ધણી વગરનું ઘર ઊજ્જડ કહેવાય, ત્યાં પરોણાને કોણ બેસાડશે?

એટલે કે જ્યાં ખુદાઇ નુરનો વાસો હોય તેની ફરમાં બરદારી કરો. આપણે અગાઉ પુરવાર કરી ગયા છીએ કે ખુદાઈ નુર એટલે ઇમામ થાય છે. હવે જાગતી એટલે જીવતી અને જોત એટલે ખુદાઈ નુર એ અર્થ થાય છે. ત્યારે જાગતી જોતનો અર્થ હાજર ઇમામ શા માટે નહિ થઇ શકે? ખુદાઈ નુર ધરાવનાર જમાનાના હયાત ઇમામ હાજર ઈમામ ગણાય છે. જુઓ તો મસજીદો અને મંદીરો ઉજ્જડ બની ગયા છે. ત્યાં અગર જાગતી જોત હોત તો હાજર ઈમામનાં પગલાં થવાં જોઇએ, તે નથી. તેથી તેવી સુન્ની પુજા ન કરતાં હાજર ઈમામને માનવાને પીર સદરદીન ફરમાવે છે. ઈમામ

હાજર અને નાઝર ન હોય તો જાગતી જોત છે, એવું કદી પણ બોલાય નહિ.

હાજર ઈમામ એટલા માટે કહેવાય છે કે તે હયાત અને મુબીન છે. કોરાનમાં "ઈમામે મુબીન" શબ્દ આવે છે, તે હાજર ઈમામ માટે વાપરવામાં આવેલ છે. ઇસ્નાશરીના ૧૨ મા ઇમામ હી. સ. ૩૨૮માં ગયબ થયા છે, તેને આજે ૧૦૦૬ વરસ થયાં એટલો વખત સુધી હયાત રહે, તે માનવું અક્કલ અને હદીસની રૂએ નથી. જો કે આખર જમાનાના નબી અગાઉ લોકોની ઉમર સેંકડો વરસની થતી હતી પણ તેમની પછી ૬૦-૭૦ યાને ૧૩૦ વરસ કરતાં વધુ વખત જીવી શકે નહિ. તેમ મઉત સઘળાની ઉપરે છે. પછી તે પયગમબર યા ઈમામ હોય તો શું થયું? કોરાનમાં તે માટે સાફ સાફ ઈશારો છે કે:-

આયત.

કુલ્લો નફ્સીન ઝાયકતુલ મઉત.

અર્થ:-સઘળી જાનો મોતને આધીનછે.

હઝરત ખીઝાર અને **હઝરત ઇસા** હજુ સુધી જીવતા છે, એ વાતો જાહેલ મુસલમાનોમાં બોલાય છે. પણ તે વજુદ વગરની છે. હઝરત ખીઝરે આબે-હયાત પીધું છે, એની મતલબ લોકો પુરેપુરી સમજ્યા વગર બકે છે. આબે-હયાત એટલે અમર પદવી થાય છે. તેમ હઝરત ઇસા પયગમબર આસમાન ઉપરે હજુ સુધી જીવતા છે, એની મતલબ એમ થાય છે કે તેમનું રૂહ આસમાને જઇ પહોંચ્યું છે. પણ તેમનું શરીર આસમાન ઉપરે જઈ શકયું નથી, કારણકે તેઓ કુદરતી મોતને શરણ થયા છે. કોરાનમાં તે માટે ખુલ્લે ખુલ્લુ કહેલું છે કેઃ-

" Rémêmbér when God said O Jesus! verily I will cause thee to die and will takê thee úp to Myself and clear theê frõm (the blames of) thosê whô dëny thëë und I will pláce thosë who follow thêe above those whó deny thee till the day of Ressurrection."

(III 48)

આયત ૪૮મી પ્રકરણ ૩ જું.

યાદ કરો કે જયારે ખુદાએ કહ્યું ઓ ઈસા! ખરેખર તને મરવું પડશે અને હું તને મારી તરફ બોલાવીશ અને તને નહિ માનનારાઓના દોષથી મુકત કરીશ અને જેઓ તને માને છે તેમને, નહિ માનનારાઓ કરતાં કયામત સુધી આલા દરજ્જો બખશીશ.

બાકી જીસમ ફના થનાર છે અને તેથી કોઈ પણ પયગમબર યા ઈમામનું સ્થુળ શરીર જેમ જન્મ પામે છે, તેમ મરણ પામે છે. મૃત્યુની હદ ૧૩૦ વરસની પયગમબર નબી મહમદે પોતાના જમાનાના લોકોની નક્કી થયલ દરશાવેલ છે. એ બીનાથી હુ નહીં ધારતો કે મી૦ કાબા જેવા કોરાન અને હદીસથી પુરા વાકેફગાર હોવાનો દાવો ધરાવનાર બીન માહીતગાર રહ્યા હોય.

છેવટે આઠે સંવાદો પુરા કરતાં જણાવીશું કે ખોજા નામ પીર સદરદીને જેમને આપ્યું છે, તેઓ શીઆ ઈમામી ઈસમાઈલી ધર્મમાં વટળયા હતા એવું ગીનાનની આઠે દલીલોથી અને તેના ટેકામા આપેલ બીજા ગીનાનના પાઠોથી એટલે ગીનાન શાસ્ત્રથી સીધ્ધ થાય છે. કારણકે જે જે સીધ્ધાંતો અને માન્યતાઓ તે ઉપરથી નીકળી શકેછે, તે કદીપણ ઇસનાશરી મઝહબ માન્ય રાખી શકે નહિ. તેથી મી૦ કાબાની કોશેશ નીર્થક નીવડી છે, એમ કહીએ તો ચાલે. શ્રી કચ્છ ખાતેના કેળવણી ખાતાના ઈન્સપેક્ટર

મી૦ દલપતરામ પ્રાણજીવન ખખરેનો અભિપ્રાય ઈ. સ. ૧૮૭૯ના સાલનો અત્રે રજુ કરી ઉપલી બાબત ખતમ કરીશું તેઓ પીર ગુલમાલીશાહની હકીકત જે પુસ્તકમાં આપે છે. તેને પા. ૪૯ નીચે મુજબ લખે છે

"નામદાર આગાખાન એવો દાવો ધરાવે છે કે તેઓ ઈસ્માઈલથી વંશ પરમપરા ઉતરી આવેલ છે. અનેપીર સદરદીન શાહ ઈસલામશાહના દાઈ હતા કે જેઓથી આગાખાન સીધી નસલે ઇમામ હતા. પીર સદરદીને લોહાણા અને ભાટીયા કે જેમને ખોજાઓનું નામ આપ્યું તેમને વટલાવ્યા"

મુખ્ય મુદ્દો એજ છે કે ઈમામ ઈસલામશાહ કોણ હતા? ઇસમાઈલી કે ઇસનાશરી? અને તેઓએ જે ધર્મનો બોધ કરવા પીર સદરદીનને હીંદ ખાતે મોકલાવ્યા હતા, તે શીઆ ઇમામી ઇસ્માઇલી મઝહબ હતો કે નહિ? એ ઉપલી દલીલોથી પુરવાર થાય છે અને તેથી કાંઇ વધુ પુરાવાની હાલ જરૂર જણાતી નથી.

એલતેમાસ.

આપણા હાજર ઈમામેની સાલગીરોના શુભ ટાંકણે જે જે જમાતો તથા મંડળો તરફથી ખુશાલીના પેમ્ફલેટો ભેટ આપવામાં આવે છે, તેને બદલ અગર તેની પાછળ ખરચાતા પઈસા એકઠા કરી દર સાલ એક દળદાર પુસ્તક ઈસમાઈલી લેખકોના હાથે વિરોધીઓના રદીઆ લખાવી બહાર પાડવામાં આવે અને તે આપણા મોમીન ભાઈઓને ભેટ આપવામાં આવે તો તેથી આપણા પાક ઈસમાઈલી મઝહબને દીન પર દીન વધુ મજબુતી મળતી રહેશે, એમ સેવકનું માનવું છે. માટે મારી અદના એલતેમાસ ઉપરે લાગતા વળગતાઓનું ધ્યાન ખેંચવાની આ પ્રસંગે રજા લઉં છું.

લા૦ કાસમઅલી લધાભાઈ.